ન્યાય

પુરુષોત્તમ ત્રીકમદાસ

गुजरात विद्यापीठ ग्रंथालय

[... विभाग]

૧૬૧૧૩ ...

ન્યાય

ન્યાય

(એક નાટક)

લેખક અને પ્રકાશક

પુરુષોત્તમ વિક્રમદાસ

મુદ્રક: રામુ પરમાનંદ ઠક્કર
મુદ્રણસ્થાન: સ્વાધીન મુદ્રણાલય, રાણપુર

૧૯૩૧] મૂલ્ય બાર આના [૧૯૮૮

[સર્વ હક્ક સ્વાધીન]

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ સંગ્રહ
૧૬૨૭૩

મળવાનું ઠેકાણું :

"ગુણસુન્દરી" કાર્યાલય,

૧૧૪, ગીરગામ બેક રોડ, મુંબાઇ ૪

અને

જાણીતા બુકસેલરો પાસેથી

અર્પણ

આંખે પાટા બાંધી સમતોલ-
પણાંનો ડોળ કરતી
ન્યાયદેવીને

શુદ્ધિ પત્રક

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪	૬–૭	પુરૂષાએ જ ઇજારો	પુરૂષાએ જ પ્રવીણતાનો ઇજારો
૮	૧૬	Returnd	Retired
૧૯	૧૬	છીએ	છે
૨૨	૮	પ્રવગ્રાહ	પૂર્વગ્રાહ
૨૬	૮	વોડમાં	વોર્ડમાં
૨૬	૧૦	ચોષ્ટો	ચોટ્ટો
૨૯	૧૦	છોકરો છે	છોકરો છે?
૩૦	છેડે ઉમેરો	...	નલિની–ના એને પરણવાની છું એમ મેં

			ક્યાં કહ્યું ? મેં તો માત્ર ધારવાનું જ કહ્યું. પણ એને પરણું તો તમે એને ભાગીદારીમાં ન લો ? મંગળ—પરણુ તો ખરી પછી વાત. હમણાં એનો વિચાર કરવાની જરૂર નથી.
૩૩	૧૪	બાપુજી	બાપાજી
૩૫	૧૫	Hallow	Hello
૩૫	૧૮	કોલેજમાં હતો ?	કોલેજમાં હતો ત્યારે તો કેવો હસમુખો હતો ?
૪૨	૧૧	કેવું જોઇએ ?	કેવું જોઇએ.

પૃષ્ઠ	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૪૪	૧	લોજમાં	તાજમાં
૫૯	૧૭	શાનું ?	શું ?
૬૨	૧૬	પહેયાં	પહેર્યા
૬૫	૬	પસ	પર્સ
૯૧	૧૨	એમ	એમાં
૧૧૨	૧૩	દીવાન બહાદુર	રાવ સાહેબ
૧૨૩	૧૫	રાવ સાહેબ	રાવ બહાદુર

ન્યાય

પાત્રો

નલિની

ફ્રેની

મંગળદાસ

રમણ

ડાહ્યો

ચંદુલાલ

રામદાસ

ગોરધનભાઈ

મણિભાઈ

રા. સા. ગુગુળી

કરામતખાન

જમનજી જુમલા

રા. બા. દંડવતલાલ

સરદાર દામનારાયણ

મુખી ભોજનાની

દી. બ. રઘુનાથરાવ લાંડગેકર

સામો

ભૈયો

નોકર

ન્યાય

અંક પહેલો

સ્થળ

મંગળદાસના બંગલાનું દીવાનખાનું

સમય–સાંજના ચાર વાગ્યે.

અંક બીજો

એજ સ્થળ

સમય–બીજે દહાડે સવારના પોણાનવ વાગ્યે.

અંક ત્રીજો

એજ સ્થળ

સમય–એક મહીના પછી બપોરના સાડાચાર વાગ્યે

ન્યાય

અંક પહેલો

[શેઠ મંગળદાસના રીડરોડ પર આવેલા બંગલાનું દીવાનખાનું. ખંડ મોટો છે. ડાબી અને જમણી બાજુની દીવાલમાં બે બારણાં છે. પાછળના ભાગમાં પણ એક મોટું બારણું. પાછળનાં બારણાંમાંથી બહારના વરંડા પર થઈને બગીચામાં જવાનો રસ્તો છે. બધાં બારણાં પર પડદા ટાંગેલા છે. બારણાં ખુલ્લાં છે. દીવાલો પર નાનાં મોટાં વોટર કલરનાં ચિત્રો ટાંગેલાં છે. એક મોટું ઓઈલ પેઈન્ટ મંગળદાસ શેઠની સ્વ. પત્નીનું દેખાય છે. ખુણાઓમાં નાના કબાટો અને કબાટો પર

વાઝ. ડાબી બાજુ દીવાલ પાસે સરસ રેડીઓ સેટ. જમીન પર કીંમતી ગાલીચો બીછાવેલો છે. અને ફરનીચરમાં બે ચેસ્ટરફીલ્ડ કોચ અને ચાર ખુરશીઓ. કોચ અને ખુરશીઓ પર જાતજાતના રંગીન સુશોભિત તકીઆ મૂકેલા છે. તે ઉપરાંત બે ટીપાઇઓ કોચ અને ખુરસીઓ વચ્ચે મૂકેલાં દેખાય છે. જમણી બાજુ પર એક નાનું ટેબલ અને ખુરસી. ખુરસી પર નલિની બેસીને ટેબલ પર પડેલા ટાઇપ રાઇટર પર ટાઇપ કરે છે. નલિની વીસેક વર્ષની અને રૂપાળી છે. અને તેણે રેશમી સાડી રેશમી બ્લાઉઝ પહેરેલાં છે. પગે ઉંચી એડીના બૂટ છે. અર્ધી મીનીટ પછી રમણ પાછળનાં બારણાંમાંથી દાખલ થઇ નલિની પાસે .જઇ ઉભો રહે છે. રમણ પચીસેક વર્ષનો, સાધારણ કદનો, દેખાવડો અને કલીન શેવન છે. તેણે લાંબો ડગલો ધોતીઉં અને ચંપલ પહેર્યાં છે.]

§

રમણ—આ શું ચલાવ્યું ?

નલિની—(ઉંચુ જોઇને) ટાઇપ કરતાં શું તનેજ આવડે છે ?

રમણ—પણ તું ટાઇપ કરતાં શીખી જઇશ તો મારી નોકરી જશે તેનું શું ?

નલિની—બાપાજી તને રજા આપશે તો હું પણ સાથે આવીશ તો.

રમણ—મારે જ ખાવાના વાંધા પડશે તેમાં તને ક્યાં લઇ જાઉં ?

નલિની—બીજી નોકરીઓ ઘણી મળી રહેશે, અને તને નહીં તો મને તો જરૂર જ મળશે.

રમણ—આમ નોકરીઓ રસ્તામાં પડી છે !

નલિની—જો પેલું ટાઇમ્સ લઇ આવ (ખુરસી તરફ બતાવે છે) એડવરટીઝમેન્ટ કોલમ કાઢ.

રમણ—કાઢી.

નલિની—(ટાઇપ કરતી બંધ થાય છે. છાપું રમણ પાસેથી લઇને વાંચવા માંડે છે) Wanted a smart lady typist. Must be young and efficient. (ચાલાક સ્ત્રી ટાઇપીસ્ટ જોઇએ છીએ. જુવાન અને પ્રવીણ હોવી જોઇએ.) અને આવી જ આ બીજી, અને ત્રીજી અને ચોથી જાહેર ખબર.

(રમણ હસે છે.) એમાં હસવાનું શું છે? મારૂં જ વર્ણન કોઇએ આપ્યું હોય એમ નથી લાગતું?

રમણ—બીજું બધું તો ઠીક પણ efficient (પ્રવીણ) નું શું?

નલિની—એટલે જાણે તમે પુરૂષોએ જ ઇજારો લીધો છે? (ટાઇપ રાઇટરના રોલર પરથી કાગળ કાઢીને) જો આ કેવું છાપ્યું છે?

રમણ—(કાગળ લઇને) ઉતાવળમાં અક્ષરો એક બીજાની પાછળ એટલા તો જોરથી દોડે છે કે ઉભા રહે તો વાંચી શકાય.

નલિની—(કાગળ છીનવીને) એ તો તારી અદેખાઇ (ઉભી થાય છે)

રમણ—લાવ ફરીથી પ્રયત્ન કરી જોઉં, હવે થાક્યા હશે.

નલિની—નહીં આપું

રમણ—આટલી બધી રીસ lady typist માટે સારી નહીં. (હાથ લાંબો કરે છે. નલિની ફરીથી કાગળ આપેછે) My deut હં. Dear ની નવી જોડણી Ramkeon એ શું? મારા નામની જોડણી R-a-m-a-n છે.

નલિની—એટલે જાણે તને જ કાગળ લખવા બેઠી હોઇશ. રખે મનમાં ખાંડ ખાતો (રમણ આગળ વાંચે તે પહેલાં ફરીથી કાગળ છીનવી લે છે.) બસ થયું.

રમણ—પણ આજે આટલો બધો ભપકો શાનો કર્યો છે ?

નલિની—(બેસીને) Guess. (ધાર)

રમણ—સીનેમામાં જવું છે ?

નલિની—ના.

રમણ—પાર્ટીમાં જવું હશે.

નલિની—એક વધારે Guess અને ખોટી પડશે તો એક લપડાક ખાવી પડશે.

રમણ—(ગાલ ઉપર હાથ ફેરવતો) કોઇ આવવાનું હશે. (નલિની વિચાર કરવાનો ઢોંગ કરે છે) શાનો વિચાર કરે છે ?

નલિની—તને લપડાક લગાવવી કે નહીં તેનો.

રમણ—કેમ ?

નલિની—કોઇ આવવાનું છે એ ખરૂં પણ કોણ આવવાનું છે તે કહી શકે તો લપડાકમાંથી બચી જઇશ.

રમણ—કેટલી guesses (ધારણ) ?

નલિની—એ

રમણ—ઇંદુમતી ? (નલિની ડોકું ધુણાવી ના કહે છે.) સરલા ?

નલિની—અહીં આવ. (રમણ પાસે આવે છે અને નલિની એ તમાચા મારે છે.)

રમણ—પણ એ શા માટે ?

નલિની—એક તારી guess (ધારણા) ખોટી પડી તે માટે અને બીજી જાણે કૈરાંઓ વગર મને કોઇ મળવા જ નહીં આવતું હોય એમ ધારવા માટે.

રમણ—પણ ત્યારે આવવાનું છે કોણ ? ગવર્નર તો નથી આવવાનો ?

નલિની—ના પેલો ચંદુ.

રમણ—ચંદુ ?

નલિની—બાપાજી કહે તેમ (ચાળા પાડતી હોય તેમ ગંભીર સ્વરે) પચીસ વર્ષનો છે, બાપની પાસે પચાસ લાખ રૂપીઆ છે. એકનો એક છોકરો છે. દેખાવમાં કૈં ખોટો નથી. અને અંગ્રેજી પણ ઠીક બોલે છે.

રમણ—સમજ્યો.

નલિની—નલિની, જો તને ગમે તો છોકરો

સારો છે. તારા વિવાહ થાય એટલે મારી જંજાળ મટી જાય.

રમણ—નલિની, તેં શું કહ્યું ?

નલિની—મારૂં નામ આજથી જંજાળ છે. મેં કહ્યું, સારૂં બાપાજી.

રમણ—પણ નલિની...(બોલતો અટકે છે અને મોઢું ગંભીર કરે છે.)

નલિની—કેમ ચૂપ થઇ ગયો ?

રમણ—કંઈ નહીં, મારે બોલવાનો શો હક્ક છે ?

નલિની—તું તો ગાંડો છે. જરા આવવા તો દે. ગમ્મત થશે.

રમણ—ત્યારે નલિની......

નલિની—હા, પણ જો બાપાજીને તારે જ કહેવું પડશે.

રમણ—(કડવું મોઢું કરીને) હું જાણું છું.

નલિની—Only the brave (માત્ર બહાદુર પુરુષ.)

રમણ—પણ આ તો કતલ કહેવાય-મને મારી નાખે તો કોકવાર યાદ કરશે ખરી ?

નલિની—તે તો કેં કહેવાય નહી. Out

of sight (દ્રષ્ટિથી દૂર)...પણ જરા પેડીંગ વાળો કોટ પહેરીશ તો બહુ ઇજા નહિ થાય. રીવોલ્વર તો હું સંતાડી મૂકીશ. એટલું તો તારે માટે જરૂર કરીશ.

રમણ—પણ મંગળદાસ શેઠ શું કહેશે ?

નલિની—હું કહું. હરામખોર ! તને દોઢસો રૂપીયા આપી નોકરીએ રાખ્યો તે મારા પ્રાઇવેટ સેક્રેટરીનું કામ કરવા. મારી પુત્રી સાથે પ્રેમ કરવા નહીં. આવા ભીખારી સાથે મારી છોકરી નહીં પરણે. અને આ લોકોને બોલતાં પણ શરમ આવે છે ? (જરા વારે) અને પછી તારો પેડીંગવાળો ડગલો ઉપયોગી થઇ પડશે. અને ઇતિહાસકારો લખશે. " રમણની કારકીર્દિનો આવી રીતે અતિ કરૂણાજનક અંત આવ્યો. "—ક્રીકેટની ભાષા વાપરીએ તો Returned Hurt.

રમણ—તને ગમ્મત લાગે છે પણ મારો જીવ જશે.

નલિની—જીવ તો નહીં પણ નોકરી તો જરૂર જવાની. અને હું એક બારણાં પાછળ સંતાઇને આ બધું જોતી હોઇશ. મારી છૂપી

હાજરી વડે તને પહેલાં ઉત્તેજન અને પછી આશ્વાસન આપીશ. પણ જો આજે કઇ તારીખ ?

રમણ—૨૯ મી.

નલિની—ત્યારે હજી ૩જી એ જ વાત કરને.

રમણ—કેમ ?

નલિની— બીજીએ તારા પગારનો ચેક મળ્યા પછી. પણ બીજી નોકરી શોધી રાખી છે ?

રમણ—લગભગ નક્કી છે.

નલિની—ત્યારે તો વાંધો નથી—

રમણ—પણ તું પાછળથી પસ્તાઇશ તો નહીં, નલિની ?

નલિની—હું મારૂં કામ જાણું છું. મારી ચિંતા કરવી નહી. પણ બાપાજી આવ્યા લાગે છે. (મંગળદાસ શેઠ પાછળના બારણાંમાંથી દાખલ થાય છે. તે ૫૦ વર્ષના મોટી મૂછવાળા જરા જાડા ગ્રહસ્થ છે. તેણે ધોતીઉં રેશમી ડગલો અને સુરતી પાઘડી પહેર્યાં છે. પગે મોજાં અને બૂટ છે.)

મંગળ—કેમ, નલિની, શું ચાલે છે?

નલિની— કંઈ નહી બાપાજી, તમારી જ વાટ જોતી બેઠી છું.

મંગળ—કેટલા વાગ્યા છે?

નલિની—પોણા પાંચ.

મંગળ—(રમણ તરફ જોઈને) પેલાં બધાં કાગળીઆં તૈયાર છે?

રમણ—હા જી.

મંગળ—તો જા લઈ આવ. (રમણ જાય છે) ચંદુલાલ પાંચ વાગે આવવાના છે. એટલામાં એ કાગળીઆં જરા જોઈ જાઉં.

નલિની—ત્યારે હું મારા રૂમમાં જઈને બેસું?

મંગળ—ના, બેસ અહીં જ. મારે તારી સાથે વાત કરવી છે. (રમણ એક અટાશે કેસ લાવી ટીપાઈ પર મૂકે છે અને તેમાંથી કાગળીઆં કાઢે છે.) અને રમણ, જો જરા રામદાસ શેઠને ટેલીફોન કરીને કહે કે આવતી કાલે સવારના નવ વાગે મને મળી જાય. જરૂરનું કામ છે. (રમણ જાય છે) ડાહ્યા,

નલિની—હું બોલાવું (જમણા હાથના

બારણાં તરફ જઈને) ડાહ્યા, (પાછી આવીને બેસે છે) બહુ થાકી ગયા લાગો છો બાપાજી.

મંગળ—અરે શું કરૂં ? આજે શનિવાર છતાંએ વહેલા ન છૂટાયું.

નલિની—પણ આટલી બધી જંજાળ શા માટે કરો છો ?

મંગળ—અરે આજકાલ કંપનીના ડીરેકટર થવું ઘણું જોખમ ભરેલું છે. જો ધ્યાન ન આપીએ તો ફટકો ખાઈએ તેનું કૈં કહેવાય નહીં. કોઈનો વિશ્વાસ કરવો નહીં એજ સારૂં. અને આપણી મીલની ઓફીસમાં હું ધ્યાન ન આપું તો કોણ આપે ?

નલિની—મને કેમ સાથે નથી લેતા ?

મંગળ—(હસીને) એ કૈં બૈરાંનાં કામ છે ? હા, તું છોકરો હોત તો જુદી વાત. પણ છોકરીએ તો......

નલિની—જંજાળ જ.

મગળ—(જરા ચમકીને ઉંચું જુએ છે) ના, સાસરે જ શોભે.

નલિની—પણ બાપાજી મને ન પરણવું હોય તો શું ?

મંગળ—આવી ગાંડી વાતો કરવી સારી નહીં. તું ભણીને આવું બોલે તે શોભે ?

નલિની—ભણેલી જ આવું બોલે.

મંગળ—ત્યારે ભણેલું બધું પાણીમાં ગયું કહેવાય.

નલિની—પણ બાપાજી, મને પરણવું હશે ત્યારે વર શોધી લઇશ.

મંગળ—હેં !

નલિની—હું પોતે જ વર શોધી લઇશ.

મંગળ—એટલે અમે તો જાણે હીસાબમાં જ નહીં ! નલિની, તમને આજકાલ આવું જ ભણાવે છે એ જાણતો હોત તો...

નલિની—ભણાવ્યા પછી હવે શા માટે શોક કરવો ?

મંગળ—શોક ન કરવો પડે તો સારું. પણ નલિની તું તો ડાહી છે ને ?

નલિની—હું પોતાને તો ડાહી જ માનું છું.

મંગળ—પણ પેલો ડાહ્યો ગયો ક્યાં ?

(ડાહ્યો દાખલ થાય છે.)

ડાહ્યો—કેમ શેઠ ?

મંગળ—કેમ શું પૂછે છે ? ચાલ બુટ

ઉતાર. (પગ લાંબા કરે છે. ડાહ્યો બૂટ ઉતારે છે) અને જા, પીવાનું પાણી આણ. લાવ, અરે આજે તો હદ થઇ. મ્યુનીસીપલ કમીટીમાં દોઢ કલાક થયો અને કાઉન્સીલની પણ ઇલેક્શન પાસે આવી. (ડાહ્યો બૂટ લઇને જાય છે)

નલિની—હું એમાં તો મદદ કરી શકું. અને આ વર્ષ કોરપોરેશનના પ્રેસીડન્ટ થવાના કેવા ચાન્સીસ છે? (રમણ આવે છે.)

મંગળ—બેસ રમણ, તને શું લાગે છે? કોરપોરેશનના પ્રેસીડન્ટ થવાના ચાન્સીસ–

રમણ—મગનલાલ સામે છે એટલે જરા મહેનત કરવી પડશે.

મંગળ—અરે એતો સાલા બધા જુઠ્ઠા છે. કોઇનો પણ વિશ્વાસ થાય એમ નથી. અને એમને રોજ તો પાર્ટીઓ અપાવું છું. એનાથી વધારે શું કરૂં?

નલિની—પણ પાર્ટીઓ અપાવવી સારી કહેવાય, બાપાજી? આપણા જાહેર જીવનમાં આપણે સુધારો કરવાની જરૂર નથી?

મંગળ—આ રમણને પૂછ. બધા જ બદ-માશ. ત્યાં સારા થવા જઇએ તો ઠોકર ખાઇએ એટલું જ. અને પાછા પાર્ટીઓ ખાઇને પણ મત આપશે તેની જરાએ ખાત્રી નહી.

નલિની—ત્યારે તો હું ધારતી હતી તેટલી ખરાબ વસ્તુસ્થિતિ નથી.

મંગળ—એટલે ?

નલિની—તમારી પાર્ટીથી લોભાઇને બધા વોટ ન આપે, તો જે ન આપે તેમને પ્રમા-ણિક તો ગણવા જોઇએ.

મંગળ—અરે પણ તમને આજકાલના લોકોને થયું છે શું ? મારૂં ખાય અને મને વોટ ન આપે તે પ્રમાણિક !

રમણ—પ્રમાણિકપણે મત ન આપે તો કૈં વાંધો નહી, પણ આ તો મગનલાલ શેઠ જો વધારે પાર્ટીઓ આપે તો તેને વોટ આપે એટલું જ.

મંગળ—હા એવું જ છે. અને કાઉન્સીલ માટે કેવું ચાલે છે કેન્વાસીંગ ?

રમણ—હાલમાં તો ઘણું આશાજનક છે.

નલિની—તમને મીનીસ્ટર થવાના chances કેવા છે ?

મંગળ—અરે ગવરનર તો મારી પર એટલો ખુશ છે કે આ વખતે તો જરૂર મીનીસ્ટર થઇશ. અને મારી પાર્ટી પણ હાલમાં તો ઠીક હાથમાં રાખી છે.

નલિની—હું હમણાં આવી. ચાની તૈયારી કરાવું. (જાય છે.)

મંગળ—અને રમણ, જે આપણા કેન-વાસરોને શું શું કહેવું છે તેની યાદી કરો. એટલામાં હું આ કાગળીઆં જોઇ લઉં. (રમણ જાય છે. ડાહ્યો પાણીનું ગ્લાસ તબકમાં લાવીને ટીપાઇ પર ગોઠવીને મૂકે છે, અને ઉભો રહે છે. મંગળદાસ કાગળીઆંમાંથી ઉંચું જોઇને) કેમ ડાહ્યા ?

ડાહ્યો—છેઠ ! મારે તમુને કૈં કે'વું છે.

મંગળ—શું છે ?

ડાહ્યો—છેઠ ! મને થોડા પૈછા આપ છો ?

મંગળ—પૈસા ! તારો પગાર તો બધો આપી દીધો છે.

ડાહ્યો—ના છેઠ. મને બીજા પૈછા જોઇએ છે. પગારમાંથી પછી થોરા થોરા કાપી લેજો.

મંગળ—કેટલા જોઇએ છે?

ડાહ્યો—છો રૂપીઆ છેઠ.

મંગળ—સો રૂપીઆ!

ડાહ્યો—હા છેઠ.

મંગળ—શું હા શેઠ! પણ આટલા બધા રૂપીઆને શું કરવા છે?

ડાહ્યો—આપવા છે છેઠ.

મંગળ—આપવા છે? કોને?

ડાહ્યો—પઠાણને.

મંગળ—પઠાણને? શા માટે?

ડાહ્યો—મારો છોકરો માંદો હતો તે વારે છેઠ તમારી પાછેથી પૈછા માગેલા પણ તમે નહિ આપેલા એટલે પઠાણ પાછેથી તીસ રૂપીઆ લીધેલા.

મંગળ—પણ પઠાણ પાસેથી લેવાની જરૂર?

ડાહ્યો—તીઆરે હું કરૂં? એને આજે નહીં આપું તો પોલીછમાં પકડાવછે એમ કેઇ ગેલો છ. અને મારવાની પણ ધમકી આપી ગેલો છ.

મંગળ—તમે તો વિચાર વગર પૈસા ખરચવાનું જ શીખ્યા છો. પઠાણ પાસેથી ન લેતે તો શું બગડી જવાનું હતું?

ડાહ્યો—પણ છેઠ છોકરાને દેશ મોકલવા ઇસ્પીતાલવાલા ડાકટર છાહેબે કહ્યું અને મારી પાછે પૈછા નહી હુતા, અને દેશમાં પણ ખાવા માટે જોઇએ કની.

મંગળ—જાણે મોટા દેશમાં નહી મોકલે તો મરી જવાનો હતો?

ડાહ્યો—મેં છેઠ આજે વીસ વરસ નોકરી કરી છે. તમે ઘણી મહેરબાની કરી છે આજે આટલી કરો. મને બચાવો. પેલો પઠાણ મને મારી નાખછે.

મંગળ—હમણાં પૈસા નહી મળે.

ડાહ્યો—(કાલાવાલા કરતો) પણ મને મારી નાખછે.

મંગળ— એમ તે કોઇ મારતું હશે? ચાલ જા હવે.

ડાહ્યો—પણ છેઠ.

મંગળ—પણ કૈં નહી, હું હમણાં ઘણો કામમાં છું. (ડાહ્યો જાય છે. મંગળદાસ ફરીથી

કાગળો તપાસવા માંડે છે. નલિની આવીને સામી ખુરસી પર બેસે છે.)

નલિની—(જરા હસીને) બીજું શું કહેવું છે ?

મંગળ—હેં ! (ઉંચુ જોઇને)

નલિની—હમણાં પેલો ચંદુ આવવાનો છે. કૈં શિખામણ આપવી હોય તો સાંભળવા રાજી છું.

મંગળ—હા, ઠીક યાદ કર્યું. ચંદુલાલ હમણાં આવશે. સારો છોકરો છે.

નલિની—બાપ પાસે પચીસ લાખ રૂપીઆ છે.

મંગળ—હેં !

નલિની—દેખાવમાં પણ ખોટો નથી—અને અંગ્રેજી પણ ઠીક બોલે છે.

મંગળ—(ગંભીર અવાજે) નલિની !

નલિની—અને હાં-એકનો એક છોકરો છે તે તો ભૂલી ગઇ.

મંગળ—નલિની, તને આ મશ્કરી લાગે છે.

નલિની—મશ્કરી જેટલી ગંભીર સ્થિતિ હજી નથી ઉભી થઇ પણ ગમ્મત તો કહેવાય જ.

મંગળ—મને તો જરાય ગમ્મત નથી દેખાતી.

નલિની— તમને નહીં દેખાય.

મંગળ—પણ એની સામે તને શો વાંધો છે! એનાથી સારો વર તને આપણી ન્યાતમાં ક્યાંથી મળવાનો છે?

નલિની—બીજી ન્યાતો ક્યાં ઓછી છે?

મંગળ—(આભા બનીને) શુ? શું?

નલિની—જુઓ બાપાજી, આ ફોગટની પંચાત કરવામાં કશો ફાયદો થવાનો નથી.

મંગળ—પણ નલિની, (સમજાવવાનો પ્રયત્ન કરીને) ચંદુલાલ શો ખોટો છે?

નલિની—મારે એની સાથે નથી પરણવું.

મંગળ—પણ શા માટે? કંઈ કારણ તો હશે.

નલિની—કારણ જોઇએ છીએ? મને એના નાકનું ટીચકું નથી ગમતું.

મંગળ—જો નલિની, તારા જેવી સમજુ છોકરી આવું બોલે તે ન શોભે.

નલિની—પટાવ્યે હું બદલાવાની નથી.

મંગળ—પણ નલિની, આવો આપણી ન્યાતમાં—

નલિની—મારે ન્યાતની ક્યાં પરવા છે!

મંગળ—અરે તું તો મારૂ બોળવા બેઠી. ન્યાતમાં નહીં તો પરન્યાતમાં પરણાતું હશે?

નલિની—કેમ, તે દહાડે તો તમે જ ભાષણમાં કહેતા હતા કે જ્ઞાતિનાં બંધનો આપણે તોડવાં જોઇએ.

મંગળ—અરે તમે તે ક્યારે સમજશો? એ તો લોકો આજે રીફોર્મની વાતો કરે છે, તેમ મેં પણ કરી કોઇ શરૂઆત કરે તો પછી જોઇ લેવાશે.

નલિની—પણ તમે કેમ હિંમત ન કરો?

મંગળ—મારે એવી હિંમત નથી કરવી. તું જો આવું કરે તો ન્યાતના બધા વોટ જતા રહે. પણ જો મારે આવું નથી ખપવાનું.

નલિની—હું ક્યાં કહું છું કે તમે ખપવા દો. મારે કોઇ પરન્યાતના માણસ જોડે પરણવું હશે ત્યારે પૂછવા આવું તો કહેજો.

મંગળ—તને છૂટ આપી તેમાં જ ભૂલ

ફ્રી. (દમામમાં) હું કહું તેની સાથે જ પરણવું પડશે.

નલિની—અને નહિ પરણું તો?

મંગળ—નહિ કેમ પરણે તે જોઇશું.

નલિની—બાપાજી, આ ભપકો મારી સાથે નહીં ચાલે. પેલી સરલાને એના બાપે પરણાવી તેમ તમે મને પરણાવવાની આશા રાખતા હો તો ફોગટ છે. બીચારી સરલા!

મંગળ—શું થયું છે એને? આવો તો સરસ વર મળ્યો છેને.

નલિની—તે એને પૂછી જુઓ. મારે કોની સાથે પરણવું તે નક્કી કરવું મારા જ હાથમાં છે. એટલું ચોકખું તમારે સમજી લેવું.

મંગળ—જોઇશું. પણ આ ચંદુલાલ સાથે પરણે તો ઘણું સારૂં.

નલિની—તે કેવી રીતે?

મંગળ—પણ જો હવે મારાથી બધું કામ જોવાતું નથી. તું એની સાથે પરણે તો એને ભાગીદારીમાં લઇ અને કામનો થોડો બોજો ઓછો કરૂં.

નલિની—પણ ભાગીદારીનો જ બોજો

ઓછો કરવો હોય તે તેને માટે મારી જીંદગી પર આવો બોજો નાખવાની જરૂર નથી. કોઇ સારા છોકરાને ભાગીદારીમાં કેમ નથી લેતા? આ ચંદુથી તો માખ પણ ઉડવાની નથી. એ કશું કામ કરે એમ ધારતા હો તો તદ્દન આશા ખોટી છે. દમડી જેટલી પણ અક્કલ નથી.

મંગળ—એ તો તને એની સામે પ્રવગ્રાહ છે.

નલિની—પણ બાપાજી, હું કોઇ સારા છોકરા સાથે પરણું તો તેને તમે ભાગીદારીમાં લ્યો ખરા?

મંગળ—જરૂર. ચંદુલાલને હું તરત લઇશ.

નલિની—હું કોઇ સારા હોશીઆર છોકરા વીશે પૂછતી હતી.

મંગળ—એટલે શું કોઇ વર શોધી રાખ્યો છે કે શું?

નલિની—હું ધારવાનું જ કહેતી હતી.

મંગળ—એતો કોણ અને કેવો છે તેના પર બધો આધાર. પણ જો ચંદુલાલ ભાગીદારીમાં આવે તો એની મુડી વડે આપણું બધું બીઝનેસ વધારી શકાય.

નલિની—હં !

મંગળ—અને જેટલું વધશે તે આખરે બધું તારે માટે જ છે ને ?

નલિની—હં !

મંગળ—પણ ચંદુલાલને તું પહેલાં મળી છે ?

નલિની—ના. એને દૂરથી જોયો છે. મળવાની ઇચ્છા થઇ નહોતી અને હજી પણ થતી નથી.

મંગળ—પણ ઓળખાણ વગર તે શી ખબર પડે ?

નલિની—આજે તો ઓળખાણ થશે ને !

મંગળ—હું તે જ કહેતો હતો કે તું એની સાથે વર્તશે તો ઠીક ને ?

નલિની—(હસીને) તેની આટલી બધી ચિંતા કરતા હતા ! હા આપણે ઘેર આવે એટલે એનું અપમાન તો ન જ થાય. પણ હું નથી ધારતી કે ફરીને કોઇ વાર આવે.

મંગળ—જો નલિની, આપણે ઘેર કોઇ આવે તેનું અપમાન કરવું તારા જેવી ભણેલી છોકરીને ન જ છાજે.

નલિની—પણ કોણ અપમાન કરવા નવરૂં બેઠું છે ?

મંગળ—ત્યારે ફરી કેમ નહિ આવે ?

નલિની—એ તો આજે બાફશે તે વિગતવાર કાલે બધાને કલબમાં કહીશ. આજે અહીં શું થયું તેનું વર્ણન આપીશ એટલે બસ થશે.

મંગળ—નલિની, ઘરની વાતો બહાર કરવી તે સારૂં નહી.

નલિની—જુઓ બાપાજી, આ બધા ડહાપણથી હું તદ્દન કંટાળી ગઇ છું. અહીં એને તમે મળવા માટે નોતર્યો છે એટલે મારે વાંધો નથી. પણ એ શું શું બોલશે તેની વાત બહાર ન કરવા મેં તમને વચન નથી આપ્યું અને આપવાની પણ નથી.

મંગળ—અને જો નલિની, (ખીસામાંથી પર્સ કાઢીને) આમાં દોઢસો રૂપીઆ જરા મૂકી દેજે. (પર્સ નલિનીને આપે છે)

નલિની—હમણાં જ મૂકું લાવો.

મંગળ—પછી મૂકશે તો પણ ચાલશે. સાંજના કલબમાં આપવા છે.

નલિની—બીજના ?

મંગળ—હા.

નલિની—વળી પાછા હાર્યા ?

મંગળ—એ તો કોઇ દહાડો હારીએ અને કોઇ દહાડો જીતીએ.

નલિની—પણ બાપાજી, આમ રોજ રોજ આટલા બધા રૂપીઆ હારી જવા સારા નહીં. પૈસો તમારો છે પણ તેનો સદુપયોગ કરવો જોઇએ. અને જુગાર રમવો સારો નહીં.

મંગળ—આ તે કંઇ જુગાર કહેવાય ? બે ઘડીની ગમ્મત.

નલિની—જુગાર કેમ નહીં ? દસ રૂપીએ રમો તે જુગાર નહીં તો શું ? તે દહાડે પેલા ગેરેજમાં બેસીને નોકરો પાને રમતા હતા, તેને તો તમે અટકાવ્યા અને જુગાર પર મોટું ભાષણ આપ્યું.

મંગળ—એ ભીખારીઓ જુગાર રમે તો વધારે ભીખારી થશે તેનો એમને ખ્યાલ નથી એટલે કહેવું પડયું. અને નોકરો પાને રમતાં શીખશે તો કામ કોણ કરશે ? (રમણ દાખલ

થાય છે) કેમ રમણ, ચંદુલાલ શેઠ આવ્યા કે શું ?

રમણ—ના જી, સાઠેનો ટેલીફોન આવ્યો છે.

મંગળ—શું કહે છે ?

રમણ—પાંચસો રૂપીઆ મોકલવાનું કહે છે.

મંગળ—શા માટે ?

રમણ—કહે છે કે એના વોડમાં વોટ મેળવવા માટે રૂપીઆની જરૂર છે.

મંગળ—એ એવો જ ચોટ્ટો છે પણ આપવા પડશે. આ ઇલેક્શનથી તો થાક્યો. જાણે રૂપીઆનાં ઝાડ મારા બગીચામાં ના ઉગતા હોય તેમ બધા માગે છે.

નલિની—પણ ત્યારે શા માટે આપો છો ?

મંગળ—નહીં આપીએ તો વોટ ન મળે એટલે. અને જો રમણ, આવતી કાલે એને મોકલી આપજે. જો ચેક નહીં આપતો. અને એને કહેજે કે ફરીથી આવા બાબત માટે ટેલીફોન પર વાત ન કરે.

રમણ—સારૂં ત્યારે મારૂં કૈં કામ છે બીજું ?

મંગળ—ના. રામદાસ શેઠને ટેલીફોન તો કરી દીધો, નહીં વારુ?

રમણ—હા જી,

મંગળ—ત્યારે જા. અને જો, આવતી કાલે સવારે વહેલો આવજે.

નલિની—રમણ, કંઈ ઉતાવળ છે જવાની?

રમણ—ના, ખાસ નહીં,

નલિની—ત્યારે બેસને, ચા પીને જ જજે.

મંગળ—(જરા નાખુશ થઇને)ના, એને જવું હોય તો જવા દે.

નલિની—(ધ્યાન આપ્યા વગર) બેસની, પેલા ચંદુલાલ આવવાના છે. જરા ગમ્મત પડશે.

મંગળ—નલિની!

નલિની—એમાં શું ખોટું કહ્યું બાપાજી? રમણ તો એને સારી રીતે ઓળખે છે. નહીં, રમણ? (મંગળદાસ રમણ તરફ જુએ છે.)

રમણ—હા, એ મારી સાથે સ્કૂલમાં હતા.

મંગળ—તમે સાથે એક જ વર્ગમાં હતા?

રમણ—(જરા ગુંચવાઇને) હા, એક વર્ષ.

નલિની—અને પછી શું થયું? (રમણ

તરફ જુએ છે. રમણ મોઢું ફેરવી નાખે છે.) પછી શું થયું ?

રમણ—પછી અમે જુદા વર્ગમાં હતા.

નલિની—એકજ વર્ષ એક વર્ગમાં હતા એટલે બીજા વર્ષોમાં જુદા વર્ગોમાં હો એટલું સમજવાની તો મને અક્કલ છે. તમે જુદા કેમ પડયા તે પૂછતી હતી.

મંગળ—એ તો એક જ વર્ગમાં ઘણાં છોકરાઓ હોય તો તેને જુદા પાડવામાં આવે છે. કેમ રમણ ?

રમણ—હા જી.

નલિની—ચંદુલાલ દરેક વર્ગમાં ત્રણ વર્ષે પાસ થતા. અને તે પણ લાગવગ લગાડીને એમ મેં સાંભળ્યું છે તે ખરૂં કે કેમ ?

મંગળ—નલિની !

નલિની—કેમ બાપાજી આટલું પણ ન પૂછાય ?

મંગળ—પણ તેમાં તારે શી પંચાત ?

નલિની—એને પરણું કે નહીં તેનો વિચાર કરવા માટે આ અગત્યની ખબર નથી લાગતી ?

મંગળ—નલિની, તું પણ હદ કરે છે.

નલિની—કહે, રમણ.

રમણ—લાગવગ લગાડી કોઇ પાસ થતું હશે ?

નલિની—મારા સવાલનો સીધો જવાબ નથી અપાતો ? ત્યારે ઘડીએ ઘડીએ નાપાસ થતા એ વાત તો સાચીજ. અને તું કેટલી વાર નાપાસ થયો હતો ?

રમણ—એકે વાર નહીં.

નલિની—કેવો હોશીઆર છોકરો છે બાપાજી ! તમે આ રમણ જેવા છોકરાને ભાગીદારીમાં લો તો કેમ ? (મંગળદાસ સાંભળ્યું ન હોય તેમ મોઢું ફેરવે છે. રમણ ઉભો થાય છે.) કયાં ચાલ્યો ?

રમણ—હું જરા ટેલીફોન કરી આવું.

નલિની—ટેલીફોન પછી થઇ રહેશે, બેસ. (રમણ બેસે છે) કેમ બાપાજી, આ રમણ તમને હોશીઆર નથી લાગતો ?

મંગળ—હા, કામ તો ઠીક કરે છે. અને રમણ, જો રામદાસ શેઠને ટેલીફોન કર્યો ?

નલિની—એ ટેલીફોન તો કયારનો કર્યો.

(મંગળદાસ કાગળીઆં લઇ વાંચવાનો ઢોંગ કરે છે) ત્યારે બાપાજી, સાંભળો છો કે ?

મંગળ—શું છે નલિની ? આ જરા અગત્યનો દસ્તાવેજ છે. જરા વાંચી લઉં અને તું તપાસ કરાવ કે ચાની બધી ગોઠવણ થઇ કે કેમ ?

રમણ—હુ જોઇ આવું.

નલિની—બધું તૈયાર છે. બેસ રમણ. બાપાજી !

મંગળ—શું છે નલિની ?

નલિની—આ રમણ જેવા કોઇ છોકરાને ભાગીદારીમાં કેમ લેતા નથી ?

મંગળ—વિચાર કરીશું.

નલિની—આ રમણ શો ખોટો છે ?

મંગળ— જોઇશું.

નલિની—બાપાજી, ધારો–જો હું ધારો કહું છું હો. ધારો કે હું રમણ જોડે—(રમણ ખુરશીમાં આમ તેમ ફરે છે. ઉઠવાનો પ્રયત્ન કરી પાછો બેસે છે.)

મંગળ—શું ? શું ? (રમણ તરફ કરડી નજરે જુએ છે.)

નલિની—પહેલેથી જાણ્યું હોય તો વધારે સારૂ નહીં? અને હવે હું ચાની ફરીથી તપાસ કરી આવું. અને લાવો તમારી પાકીટમાં રૂપીયા મૂકી દઉં નહીં તો રહી જશે. (પાકીટ લઇને જાય છે, રમણ પણ ઉઠે છે)

મંગળ—રમણ!

રમણ—કેમ?

મંગળ—આ શું ચલાવ્યું છે? (રમણ જવાબ આપતો નથી.) કેમ બોલતો નથી?

રમણ— મારે શું કહેવાનું હોય?

મંગળ—તારે બહુ કહેવાનું છે. પણ નલિનીએ કહ્યું તેમાં કેટલું સત્ય છે તે હું જાણવા માગું છું.

રમણ—(દૃઢતાથી) હું કૈં જાણતો નથી.

મંગળ—(રમણની સામું જોઇને) જો તું જાણતો હોય ન જાણતો હોય પણ એવું કૈં કર્યું તો હું કહી દઉં છું, કે ધ્યાનમાં રાખજે કે મારી સાથે કામ લેવાનું છે. મારા ઘરમાં નહીં આવવા દઉં અને રખે ને મારા પૈસાના લોભે એને પરણવાની ઇચ્છા થઇ તો એક દમડી પણ ચાખવા મળે એવી આશા

રાખતો નહીં અને આવતા મહીનાથી તું બીજી નોકરી શોધી લેજે. જા હવે. (રમણ જવા નીકળે છે. નલિની દાખલ થાય છે.)

નલિની—ક્યાં ચાલ્યો રમણ ?

મંગળ—મેં જવાનું કહ્યું.

નલિની—મેં એને ચા માટે નોતર્યો છે. બેસ રમણ. (રમણ ઉભો જ રહે છે. અને મંગળદાસની સામું જુએ છે.) આમ બાઘાની માફક શું ઉભો રહ્યો છું ? બેસ, બાપાજી ! તમને કંઈ વાંધો છે ? (મંગળદાસ બોલવા જાય છે. એટલામાં ડાહ્યો દાખલ થાય છે.)

ડાહ્યો—શેઠ, તમને મોઢું ધોવા માટે પાણી તૈયાર છે.

મંગળ—હું આવ્યો. (ડાહ્યો જાય છે અને અર્ધી મીનીટ પછી મંગળદાસ પણ જાય છે.)

નલિની—બેસ હવે રમણ. (રમણ બેસે છે.) શું થયું ? આવું મોઢું કેમ કર્યું છે ?

રમણ—મને રજા મળી.

નલિની—એટલે !

રમણ—એટલે શું ? મારે બીજી નોકરી શોધી લેવી એમ તારા બાપાજીએ કહ્યું.

નલિની—તેં શું કહ્યું ? શા માટે કહ્યું ?

રમણ—મેં કહ્યું ? મેં તો કશુંએ નથી કહ્યું, આ તેં કહ્યું તેની મોંકાણ છે.

નલિની—તને કૈં પૂછ્યું ?

રમણ—હા. અને મેં કહ્યું કે હું કૈં જાણતો નથી.

નલિની—શાબાશ. પણ ત્યારે તને રજા શા માટે આપી ?

રમણ—વહેમને લીધે.

નલિની—અને અહીં આવવાની મના કરી, નહીં ?

રમણ—તે પણ કરી.

નલિની—splendid (સરસ). ત્યારે તો તું નવી નોકરીએ જોડાય એટલે બાપુજીને કહીશું. (મંગળદાસ દાખલ થાય છે અને બેસે છે.) આ તમારી પાકીટ અહીં મૂકું છું. (ટેબલ પર પાકીટ મૂકે છે,) રમણ, તેં ફ્રેનીને ટેલીફોન કર્યો કે નહીં ?

રમણ—હા, આવવાની છે.

મંગળ—(ઉંચું જોઇને) કોણ આવવાનું છે ?

નલિની—ફ્રેની.

મંગળ—ફ્રેની કોણ પણ ?

નલિની—ફ્રેની દલાલ.

મંગળ—અહીં આવવાની છે ?

નલિની—હા.

મંગળ—ક્યારે ?

નલિની—હમણાં જ આવી પહોંચશે.

મંગળ—પણ, એ છે કોણ ?

નલિની—મારી કોલેજની મિત્ર છે.

મંગળ—તેને આજે શા માટે બોલાવી છે ?

નલિની—એ ચંદુલાલની પણ મિત્ર છે.

મંગળ—(જરા અચકાઈને) પણ તેથી શું થઈ ગયું ?

નલિની—એ તમારા ચંદુને પકડવાના પ્રયત્નો કરે છે.

મંગળ—પકડવાના !

નલિની—એટલે પરણવાના.

મંગળ—પણ તેને અહીં કે બોલાવવાની જરૂર ?

નલિની—બીચારી મારી મિત્ર થાય એટલે એને ચેતવણી આપવી જોઈએ ને કે હું પણ એ હરિફાઈમાં ઉતરી છું.

મંગળ—નલિની ! તને તે થયું છે શું ?

નલિની—કૈં થયું નથી. પણ આ ફેની જ આવી દેખાય છે. [બાવીસેક વર્ષની ફેશને બલ Flippant ચાલાક દેખાતી છોકરી દાખલ થાય છે.

ફેની—હલ્લો, હલ્લો [મંગળદાસને જોઇને જરા અચકાય છે].

નલિની—એ તો બાપાજી. હું હમણ તારી જ વાત કરતી હતી. [મંગળદાસ ઉભા થઇને શેકહેન્ડ કરે છે. બેસે છે]

ફેની—હું ઘણી જ દીલગીર છું કે તારા કાગળનો reply [જવાબ] ન આપી સકી. પન I am glad [હું ખુશ છું] કે તેં ટેલીફોનથી મને remind કરી [યાદ દેવડાવ્યું] Hullow Raman ! આવું મોતું કાંય કીધું છે ?

રમણ—ખાસ કૈં નથી.

ફેની—મા. મંગળદાસ, તમે જાનો છો કે રમણ અમારી સાથે કોલેજમાં હતો ?

મંગળ—[કૈં બોલવાનું શોધતા હોય તેમ] તમારી સાથે કોલેજમાં હતો ?

ફ્રેની—Of course [અલબત્ત]. પન તું કલબમાં કાંય નહી આવતો ?

રમણ—મને જરા કામ હોય છે એટલે.

ફ્રેની—અને તું હમણાં શું કરે છે ?

મંગળ—મારો સેક્રેટરી છે.

ફ્રેની—How splendid [કેવું સરસ !]

નલિની—જો ફ્રેની, ચંદુલાલ આવવાનો છે એટલે તને બોલાવી.

ફ્રેની—Really ! Thank you my dear. You are a darling. (ખરેખર ! તમારો આભાર. તું ખરેખરી પ્રિય સખી છે.)

નલિની—ફ્રેની, તું જાણે છે કે ચંદુલાલ અમારી જ જાતના છે ?

ફ્રેની—નહા, અમને તો બધા જ હીંદુઓ સરખા લાગે છે.

નલિની—બધા જ વાનીઆઓ.

ફ્રેની—મેં કયારે એવું કહ્યું ?

નલિની—પણ ચંદુલાલ તો જરા જુદો લાગે છે, નહીં ?

ફ્રેની—ચંદુ તો ઘનો જ સરસ માણસ છે. પન તારી એની સાથે કયારે ઓલખાન થઇ ?

નલિની—ઓળખાણ કરાવવા જ બાપાજીએ એને અહીં નોતર્યો છે.

ફ્રેની—I see (સમજી) પણ મી. મગળ-દાસ, તમે આય વખત મીનીસ્ટર થવાના છેવ, એમ સાંભલીયું છે તે ખરી વાત?

મંગળ—(ખુશ થઇને) એ તો કેમ કહેવાય?

નલિની—બાપાજી મીનીસ્ટર થશે એટલે ઇન્ટર મેરેજનો કાયદો સૌથી પહેલા સુધાર-વાના છે.

ફ્રેની—હા, જરૂર એ તો કરવું જ જોઇએ. રમણ, તને નહીં લાગતું કે આવો કાયદો થવો જોઇએ?

રમણ—અમારા હિંદુઓ માટે તો એ સુધારવામાં આવ્યો છે. પણ મંગળદાસ શેઠ મીનીસ્ટર થઇને એ સુધારી શકે એમ નથી.

ફ્રેની—કાંય?

મંગળ—એ તો Assembly (વડી ધારાસભા) જ કરી શકે. (બહાર મોટરનો અવાજ સંભળાય છે) ચંદુલાલ આવ્યા લાગે છે. (ચંદુલાલ દાખલ થાય છે. તે પચીસેક

વર્ણનો, સાધારણ કદવાળો છે. તેણે ઘણો જ કીમતી અને ભપકાદાર ગરમ સૂટ પહેર્યો છે. આંખે શેલ રીમના મોટા કાચવાળા ચશ્મા ચઢાવ્યા છે. હાથમાં સોનાની મૂઠવાળી લાકડી છે. બધા જ એની સામું જુએ છે. એટલે Conscious vanity (ગુમાન) થી આસ્તે આસ્તે ચાલતો આગળ આવે છે. મંગળદાસ અને રમણ ઉભા થાય છે.)

મંગળ—આવો ચંદુલાલ, અમે તમારી જ વાર જોતા હતા.

ચંદુલાલ—આવતાં જરા મોડું થયું. મારે નવી મોટર લેવી છે તેની ટ્રાયલ લેવા સાથે જ લઇ આવ્યો.

મંગળ—ચંદુલાલ, ઓળખો છો કે, આ મારી દીકરી નલીની. (ચંદુલાલ પાસે જઇને હાથ લંબાવે છે. નલિની બેઠી રહીનેજ હાથ જોડીને ડોકું ધુણાવે છે. ચંદુલાલ આભો બની આમ તેમ જુએ છે.)

ફેની—આય ટુને કેટલીવાર કહ્યું કે (ઓ) lady જેટલા સર્વ. શેકહેંડ કરવા હાથ નહિ

આગળ ધરે તેટલાં સુધી માટીડાએ હાથ આગળ નહિ કરવો ?

નલિની -ફેની તમને એટીકેટ (રીતભાત) ના પાઠ આપે છે? (ચદુલાલ તદ્દન ગભરાઇ ગયેલો દેખાય છે અને કૈં પણ બોલવાની હીમત ચાલતી નથી)

મંગળ—બેસો. (ચંદુલાલ કપાળે પરસેવો લુછતો બેસે છે)

નલિની—તમે રમણને ઓળખો છો કે ?

ચંદુલાલ—(રમણ તરફ જોઇને) ના, હા, અમે સ્કુલમાં સાથે હતા. પણ આજે ઘણે વર્ષે મળ્યા.

નલિની—ત્યારે તો તમે કોલેજમાં પણ સાથે જ હશો, નહિ વારૂ ?

ચંદુલાલ—ના—આ...ના.

નલિની—હાસ્તો. તમે અમારી કોલેજમાં તો નહોતા-હું કેમ ભૂલી ગઇ ? બીજી કોલેજમાં શા માટે ગયા તે કાંઇ સમજાતુ નથી.

ફેની—પન ચંદુ કોલેજમાં ગીઓ છે જ કાં ?

નલિની—કેમ વારૂ ?

ફ્રેની—એ તો એને ક્રિકેટ રમવાનો ઘનોજ શોખ એટલે પાસ જ નહીં થાય. એટલે કંટાળીને છોડી દીધી ઇસ્કોલ–

રમણ—તમે ક્રિકેટ હજી ચાલુ જ રાખી છે કે કેમ ?

ચંદુ—એ તો હું રોજ બે કલાક પ્રેક્ટીસ કરૂં છું.

ફ્રેની—અને તારે વિલાયતથી શીખવનાર આવવાનો હતો તે ક્યારે આવશે ?

નલિની—શું ખરેખર તમે વિલાયતથી કોચને બોલાવ્યો છે ? કેવું સરસ ! અમને ક્રીકેટ રમતાં નહીં શીખવો ?

ચંદુ—જરૂર.

રમણ—કોણ Hobbes આવવાનો છે ?

મંગળ—ચંદુલાલ, તમારા જેવા માણસે વિલાયત ટીમ લઇ જવી જોઇએ. આજે Sport (રમત)થી પણ દેશની સેવા બહુ જ થઇ શકે એમ છે.

ચંદુ—એ તો મેં M. C. C. ને લખ્યું જ છે. આવતે વર્ષે ટીમ લઇ જવી છે.

ફ્રેની—મને કહ્યું કાંય નહી? તારે તો હું પન સાથેજ આવસ.

નલિની—તું પણ વિલાયત જવાની છે? શા માટે?

ફ્રેની—એતો ચંદુ મને સાથે જ લઇ જશે.

મંગળ—તમે કઇ મોટર લેવાના છો?

ચંદુ—ગયે વર્ષે લાં સીમા લીધી પણ જરા જુની થઇ એટલે રોલ્સ.

ફ્રેની—Splendid! (સરસ!) Rolls લેવાને. છે અને સાથે લાવ્યો છે તે રોલ્સ છે?

ચંદુ—હા.

ફ્રેની—અને જો તું વેલાત જાય તો બેરીસ્ટર કાંય નહી થતો?

નલિની—હા, નામની પાછળ બેરીસ્ટર એટ-લો કેવું સરસ લાગશે? અને રમણ, બેરીસ્ટર થવાને માટે પરીક્ષા તો નથી જ આપવી પડતી કેમ. ડીનર ખાધાં કે થયા બેરીસ્ટર.

રમણ—એ દહાડા ગયા. હમણાં તો કહેવાય છે કે બહુજ કડક પરીક્ષા લે છે.

ચંદુ—હા, મારો એવો જ વિચાર છે.

મંગળ—પણ તમને બેરીસ્ટર શા માટે

થવું જોઇએ ? આપણે તો તમારા જેવા માણસની બીઝનેસમાં બહુ જ જરૂર છે. બેરીસ્ટરો તો કેટલાય રઝળે છે. કોઇ ભાવ પણ નથી પૂછતું.

ચંદુ—Papa પણ એમ જ કહે છે. પણ મને તો બીઝનેસ જરાએ નથી ગમતું. (નોકર ચા અને ખાવાનું લાવીને ટીપાઇ પર મૂકે છે. નલિની ચા તૈયાર કરવા માંડે છે.)

નલિની—ચેવડો લેશો ?

ચંદુ—ના.

ફ્રેની—No, thank you. (ના, આભાર થશે.) ફ્રેનું જોઇએ ?

ચંદુ—No thank you,

નલિની—અને ફ્રેની તું ?

ફ્રેની—નારે, બા. આય ચેવડો તમુંને કેમ ગમતો હશે ?

નલિની—અરશી ! (ચંદુલાલ માથું ધુણાવી ના પાડે છે.)

રમણ—એમને કેક આપો.

ફ્રેની—હા, કેક તો ચંદુને ઘનોજ ગમે છે. આય તમારી નેટીવ મીઠાઇ ચંદુ બીલકુલ નહીં ખાતો. અને સેનવીચ પણ લેશે. મને

પન આપ. (રમણ સેન્ડવીચની પ્લેટ આગળ કરે છે) જો ચંદુ, ઘનીજ મજેની છે. હેમ છે. તુને તો બહુ જ ગમે છે.

રમણ—એ તો ટમાટાની છે.

નલિની—હું દીલગીર છું પણ એવુ અમારા ઘરમાં નહી મળે. અમે તો strict vegitarian (કેવળ નિરામિષાહારી) છીએ.

ફ્રેની—અરે શાના વેજીટેરીઅનના ધખારા લઇને બેઠા છો? આય ચંદુ પણ એવો જ હતો. પન હવે તો તદ્દન સુધરી ગયો. મી. મંગળદાસ, તમે પણ નહીં ખાતા?

મંગળ—ના.

ફ્રેની—તારે તમે ડીનરમાં જાઓ તાં કેમ કરતા હશો?

મંગળ—એ તો વેજીટેરીઅન ખાવામાં મન કશો વાંધો નથી.

ફ્રેની—આય ચંદુને તો અમારૂં વેલાતી ખાનું એટલું બધું ગમે છે કે ઘેર ખાવાનું પન છોડી દીધું છે.

રમણ—શું કહે છે?

ફ્રેની—સવાર સાંજ લોજમાં જઇને જમે છે.

નલિની—પણ ત્યારે ઘરમાં બટલર કેમ નથી રાખતા ?

ફ્રેની—એતો એમના ડોસાજી નહીં રાખવા દેતા. પન એ જુદા રેસે ત્યારે રાખશે.

મંગળ—તમે જુદા રહેવાના છો ?

ચંદુ—ના...આ...ના હમણાં કે એવું....

ફ્રેની—હમણાં નહીં તારે કારે ? આપરે તો આ તારા બાવાજી સાથે રેવાનું નહી પરવરે.

મંગળ— તમારે તમારા પિતાજીથી આ વયમાં જુદા થવુ ઠીક નહીં.

નલિની— તું પણ ફ્રેની એની સાથે રહે-વાની છે ?

મંગળ—પણ તમારી ઓફીસમાં તો હવે તમે જ જોતા હશો નહીં, વારૂ ? (ચંદુલાલ બોલવા જાય છે.)

નલિની—ફ્રેની તું પણ શા માટે એમની સાથે રહેવાની છે ?

મંગળ—હમણાં બીઝનેસ તો ઠીક છે.

અને તમારે તો શું ? જુનું બીઝનેસ ચાલ્યું આવે છે એટલે બહુ જંજાળ પણ નહીં.

ફ્રેની—હાસ્તો. તારે હું કાં રેવાની ?

રમણ—(મદદ કરવાનો પ્રયત્ન કરતાં) તમે સેક્રેટરી તરીકે સારા શોભશો.

ચંદુ—હા, એ મારી સેક્રેટરી થવાની છે.

નલિની—પણ ફ્રેની તને સેક્રેટરી થવાની શી જરૂર છે ? બાપા હાંકી તો નથી કાઢવાના ને ?

ફ્રેની—સેક્રેટરી indeed((સેક્રેટરી શાની ?) એ તો અમે......અરે પણ હું ભૂલી ગઇ. ચંદુ, આય વાત હમણાં તો બાર કરવાની જ નહીં હતી.

નલિની—તું સેક્રેટરી થવાની છે તે અમો કોઇને નહીં કહીએ. કહેશો બાપાજી ? (મંગળદાસ મોહું ફેરવી બીજી તરફ જુએ છે) રમણ, તું પણ નહીં કહેતો.

રમણ—પણ એમાં શરમાવા જેવું શું છે ? આજે ઘણી છોકરીઓને પોતાના બાપ સાથે ન બનવાથી પોતાનો ધંધો શોધી લે છે. આ તો સ્ત્રીસ્વાતંત્ર્યનો જમાનો છે.

મંગળ—(રમણ તરફ સખતાઇથી જોઇને) બાપ સાથે શા માટે ન બને ?

નલિની—જુઓને, બાપાજી, તમે મને મરજી વિરૂદ્ધ પરણુવાનું બહુ દબાણ કરો તો મારાથી તમારા ઘરમાં કેમ રહેવાય ?

ફ્રેની—That's it (બરાબર).

મંગળ—પણ તમને બધાને જોઇએ છે શું ? અમે બધા કંઇએ છીએ તે તમારા હિતને માટે જ કે નહીં ?

ફ્રેની—પન મી. મંગળદાસ, આય ચંદુ આવીઓ તારે આપરે તમે Assembly (વડી ધારાસભા)માં જવાના છેવ તેની વાત કરતા હતા તે તો રહી જ ગઇ. જાને છ કે ચંદુ, આય મી. મંગળદાસ Assemblyમાં જવાના છે.

મંગળ—હું Assemblyમાં નથી જવાનો.

ફ્રેની—પણ તમે કાંય નહીં જતા ? તમે જઇને પેલા કાયડો પન પસાર કરાવા સકો. પન તમને લાગે છે કે એ કાયડો પાસ થશે ?

ચંદુ—કયો કાયદો ?

ફ્રેની—એ તો મી. મંગળદાસ એસેમ્બલીમાં

intermarriage (ઇન્ટરમેરેજ)નો કાયડો સુધારવાના છે.

મંગળ—હું એસેમ્બલીમાં નથી જવાનો.

ફ્રેની—તમારા જેવા લોકે તો જરૂર જવું જોઇએ. પન તમને લાગે છે કે તમારા હીંદુઓ આય કાયડો પાસ થવા દેશે?

નલિની—પણ તને આ કાયદાની આટલી બધી કેમ ફીકર છે?

ફ્રેની—એ તો હમનાં કહેવાય નહીં, કેમ ચંદુ?

નલિની—કહેની, હવે અમે બધા મિત્રો છીએ ને.

મંગળ—(ઉભા થઇને) માફ કરજો. મને અગત્યની મીટીંગ હોવાથી જવું પડશે.

નલિની—એમ શાની બાપાજી, આપણે સાથે જ જઇશું. ફ્રેની શરમાય છે શાની? બાપાજી કોઇને નહિ કહી દે. (બારણાં તરફ મંગળદાસ જવા માંડે છે) બાપાજી, તમે ચંદુલાલના પિતાના મિત્ર થઇને અભિનંદન પણ આપવા ઉભા નથી રહેતા?

મંગળ—નલિની! (ફરીને ઉભા રહે છે)

નલિની— ને, ફ્રેની, તું એમ ધારતી હોય કે કોઇ જાણતું નથી તો બહુ જ ભૂલ છે. congrats,old girl. (અભિનંદન, પ્રિય સખી)

ફ્રેની—પણ શાના?

નલિની—(મંગળદાસ જે તદ્દન બારણાં પાસે છે તેને મોટે સાદે) બાપાજી, જાણો છો કે, આ ફ્રેની ચંદુલાલ જોડે પરણવાની છે! (મંગળદાસ ઝપાટાબંધ ચાલ્યા જાય છે અને બહારથી મોટરનું બારણું બંધ થયાનો અવાજ આવે છે.)

રમણ—Congratulations (અભિનંદન) ફ્રેની, મારાં અભિનંદન, ચંદુલાલ.

ચંદુ—પણ પણ ...

રમણ—અમે કોઇને નહીં કહીં કહીએ. ગભરાશો નહીં.

ફ્રેની—પન જો હું કૈં જાનતી નહીં.

નલિની—વારૂ, તું કૈં જાણતી નથી.

ફ્રેની—(ઉઠીને) ચાલ, ચંદુ જઇએ અને નલિની અને રમનને પન સાથે લઇ જઇએ.

ચંદુ—(તદ્દન ગભરાયેલો દેખાય છે) હા, ચાલો.

નલિની—ના મને માફ કરશો.

રમણ—અને હું પણ નહી આવું.

ફ્રેની—તારે good night and thank you for inviting us (સાહેબજી, અને અમને બોલાવવા માટે આભાર.) (જવા નીકળે છે. ચંદુલાલ કંઈ બોલ્યા વગર તેની પાછળ જાય છે.)

નલિની—જો લગનમાં બોલાવવાનું ભૂલતી નહીં. (ફ્રેની અને ચંદુલાલ જાય છે.) કેમ રમણ?

રમણ—End of a perfect day.

નલિની—આ તો આપણે સીનેમામાં જઈને જ ઉજવવાની જરૂર છે. ચાલ તું મોટર બોલાવ. અને હું મારો સ્કાફ લઈ આવું. (રમણ અને નલિની જાય છે. ડાહ્યો દાખલ થાય છે. ચાના વાસણો લેવા જાય છે. એટલામાં મંગળદાસની ઉઘાડી પડેલી પર્સ પર નજર જાય છે અને એને નોટો દેખાય છે. આમ તેમ જોઈને નોટો કાઢી લઈને ગજવામાં મૂકે છે. પડદો પડે છે.)

અંક બીજો

[બીજે દહાડે સવારે ૮-૪૫ વાગે મંગળદાસ છાપું વાંચતા બેઠા છે. રમણ દાખલ થાય છે.]

મંગળદાસ—[ઉંચુ જોઇને] કેમ ?

રમણ—તમે મંગાવેલાં કાગળીઆં લાવ્યો છું.

મંગળ—પછી જોઇશું. [છાપું વાંચવા માંડે છે.]

રમણ—હં હં. . . .

મંગળ—[જરા ગુસ્સાઇથી] શું છે રમણ ?

રમણ—તમે નોટીસ આપો—

મંગળ—ત્યારે મારે શું કરવું ?

રમણ—હું તમને દોષ નથી દેતો.

મંગળ—દોષ ! દોષ !

રમણ—હા, જી. મેં કહ્યું હું તમને દોષ નથી દેતો.

મંગળ—મેં સાંભળ્યું. હું કંઈ બ્હેરો નથી. મારા પર મોટો ઉપકાર થયો.

રમણ—પણ—

મંગળ—અરે ! આ તે કે રીત છે? ચોર કોટવાળને દંડે !

રમણ— મારું કહેવું સાંભળ્યા પછી—

મંગળ—મારે કશુંએ સાંભળવું નથી. તુ સીધો પાધરો બેસીને તારું કામ તપાસતે તો હું તને રજા ન આપત.

રમણ—મને આશા છે કે હું ફરજમાં ચૂકયો ન હોઉં.

મંગળ—નલિની સાથે પ્રેમ કરવાની ફરજ છે એમ મેં તને કહ્યુ નહોતું.

રમણ—ના, જી.

મંગળ—શું ના, જી ?

રમણ—હું કહેતો હતો—

મંગળ—તું ગમે તેટલા કાલાવાલા કરીશ તો પણ હું તને મારી નોકરીમાં રાખવાનો નથી.

રમણ—પણ—

મંગળ—અને મારાં ઘરમાં પણ પેસવા દેવાનો નથી.

રમણ—પણ જરા—

મંગળ—અને બહાર પણ નલિનીને મળ્યો તો જોઇ લેજે.

રમણ—હું તમારી નોકરીમાં રહેવા નથી માગતો.

મંગળ—રાખવા કોણ નવરું બેઠું છે?

રમણ—તમે મને એક મહીનાની નોટીસ આપી છે. મને તે નોટીસની જરુર નથી.

મંગળ—એટલે?

રમણ—એટલે કે હું આવતી કાલથી જ રાજીનામું આપવા માગું છું.

મંગળ—પણ તે કેમ બને?

રમણ—તેની સાથે મારે શું લાગે વળગે?

મંગળ—સમજ્યો.

રમણ—કશું એ સમજ્યા નથી. હું જ તમને નોટીસ આપવાનો હતો.

મંગળ—હં.

રમણ—બસ મારે એટલુંજ કહેવું છે. મારી પાસેનાં કાગળીઆં તમને જ્યારે ફુરસદ હોય ત્યારે સોંપી દઇશ અને ઇલેકશનનાં કામ કરનારાઓને પણ તમે કહો ત્યારે બોલાવીને—

મંગળ— એ નહીં ચાલે.

રમણ—એ મારે જોવાનું છે ને.

મંગળ—કાયદા પ્રમાણે મહિનાની નોટી-સની જરૂર છે.

રમણ—તે તમે આપો. પણ હું તે નોટીસ વગર ચલાવી શકું છું. હું જરૂર જોતો નથી.

મંગળ—પણ હું જરૂર જોઉં છું ને!

રમણ—તે ગમે તેમ હોય પણ તમારે તમારી ગોઠવણ કરી લેવી.

મંગળ—રમણ, મેં તને કહ્યું તેથી ખોટું લાગ્યું?

રમણ—હું આ બાબતમાં વધારે ચર્ચા કરવા ઇચ્છતો નથી.

મંગળ—મારે આવી રીતે કહેવું નહોતુ જોઇતું. પણ મારી જગ્યાએ તું હોય તો શું કરે?

રમણ—હું તમારી જગ્યાએ નથી એટલે એ વાતનો વિચાર કરવાની જરૂર નથી.

મંગળ—જો રમણ, રીસાવામાં શો ફાયદો છે ?

રમણ—રીસનો જરાએ સવાલ નથી. મેં કહ્યું કેની હું જ તમને નોટીસ આપવાનો હતો.

મંગળ—પણ શું કારણ ?

રમણ—મને બીજી જગ્યા મળી શકે તેમ છે.

મંગળ—મહિના પછી મળશે.

રમણ—એટલા દહાડા હું વાટ જોવાની જરૂર નથી જોતો.

મંગળ—પણ આ બધું ઇલેક્શનનું કામ કોણ કરશે ?

રમણ—હું ઇલેક્શન પછી જવાનો હતો. પણ આપના ગઇ કાલના વર્તન પછી હું તેની જરુર જોતો નથી.

મંગળ—બાઇ, એ તો ઠીક; પણ આમ અધવચમાં કામ મૂકીને તે કે જવાય ?

[પાછળથી નલિની દાખલ થાય છે.]

નલિની—શું ચાલે છે, બાપાજી ?

મંગળ—નલિની, જરા તું સમજાવીને કહે તો સાંભળશે.

નલિની—શું કહેવું છે ? કોને કહેવું છે ?

મંગળ—રમણને.

નલિની—રમણને શું કહેવું છે ?

મંગળ—એ આવતી કાલે જવા માગે છે.

નલિની—ક્યાં ?

મંગળ—બીજી નોકરી પર.

નલિની—કેમ રમણ, અહિંથી કંટાળ્યો ?

રમણ—મંગળદાસ શેઠે મને એક મહીના પછી જવાનું કહ્યું. હું તો આવતી કાલથી છૂટો થવા માંગું છું.

નલિની—બાપાજી, એ તો કહે છે કે તમે જ રજા આપી.

મંગળ—પણ એક મહિના પછી.

નલિની—પણ શા માટે ?

મંગળ—(આમ તેમ જોઇને) ખાસ કૈં કારણ નથી.

નલિની—પણ કૈંક તો કારણ હશે ને !

રમણ—હું કહું.

મંગળ—રમણ !

નલિની—શું છે ? મારે સાંભળવું છે.

રમણ—હું તારી સાથે પ્રેમ કરું છું એવું બ્હાનું કહાડીને.

નલિની—(હસવા માંડે છે) splendid (સરસ) બાપાજી, તમે બરાબર કર્યું.

મંગળ—હેં !

નલિની—આવું આપણને ન પોસાય.

મંગળ—શું ન પોસાય ?

નલિની—તમારો સેક્રેટરી મારી જોડે પ્રેમ કરે તે હું તો જરાયે સાંખી ન શકું. અને એ તમારી છોકરી જોડે પરણે તે કેમ ચાલે ? એક તો ન્યાત જૂદી. પણ તે તો વખતે ચાલે. અને બીજું ભીખારી—લોકો શું કહેશે ?

મંગળ—નલિની, હું તને જરાયે સમજી શકતો નથી.

નલિની—હું સમજું છું ને. જવાદો બાપાજી એને. એવા માણસને એક પળ પણ ઉભો રાખવો ન જોઇએ.

મંગળ—પણ આ બધું કામ કોણ કરશે.

નલિની—આવી ગંભીર બાબતમાં કામનો

વિચાર કરવાનો હોય ? તમારી દીકરીને આવા દુષ્ટ માણસથી દૂર રાખવી વધારે અગત્યનું નથી ?

મંગળ—પણ તું કહેવા શું માંગે છે ?

નલિની—એક મહિનો એ મારી સાથે રહી પ્રેમ કર્યા કરશે તેનું શું ?

મંગળ—પણ તું તે અટકાવી શકે.

નલિની—પ્રસંગ આવે જોઇ લઇશું.

મંગળ—ત્યારે શું એણે એમ નથી કર્યું ?

નલિની—તમને તો ખાત્રી છે કે એણે એવું કર્યું છે.

મંગળ—મને સંશય હતો. પણ એ શું ખરું નથી ?

નલિની—હવે પૂછવામાં શો ફાયદો છે ?

મંગળ—નલિની, હું તારા ભલા માટે જ કહું છું ને ?

નલિની— હું કંઈ બાળક નથી.

મંગળ—પણ નલિની,—[રમણ તરફ જોઇ રહે છે]

રમણ—[ઉભો થઇને] તમારે વાત કરવી હોય તો હું—

નલિની—બેસ રમણ, તારે વિષે જ વાત લાગે છે. શું છે બાપાજી?

મંગળ—નલિની, મારે તને કૈં કહેવું છે.

નલિની—કહેવું હોય તેમાં રમણને સંબંધ હોય તો એની હાજરીમાં કહેવું સારું નહિ?

મંગળ—નલિની, પેલા નગીનદાસ કહેતા હતા.

નલિની—[હસે છે] તે તમારે સુધી વાત આવી?

મંગળ—હં!

નલિની—રમણને અને મને સીનેમામાં સાથે જતા જોયા તે જ કે નહિ?

મંગળ—હા—અને રતિલાલ.

નલિની—બહુજ સરસ. રતિલાલ શું કહેતા હતા?

મંગળ—તમને ચાર દહાડા ઉપર સાંજના વર્લીપર મોટરમાં સાથે જોયા.

નલિની—બાપાજી! તમે મીનીસ્ટર શા માટે થવા માગો છો?

મંગળ—કેમ!

નલિની—બાપાજી, તમે C. I. D.ના વડા થાઓ તો વધારે સારું નહિ ?

મંગળ—હું કૈં કોઇને પૂછવા નહોતો ગયો.

નલિની—એ તો વધારે સારું. પૂછીને તપાસ કરીને બધા ખબર કહાડે; પણ ખરો C. I. D. તો એ કે જેને લોકો પોતાની મેળે ખબર આપવા આવે.

મંગળ—પણ નલિની, આ સારું દેખાય ?

નલિની—બીજી એનાથી કૈં વધારે ખબર છે ?

મંગળ—ના નલિની ! પણ લોકો બોલે તે સારું નહિ.

નલિની—લોકો એટલે નગીનદાસ ને રતિલાલ.

મંગળ—ના, એમણે તો મિત્રો તરીકે આવીને કહ્યું.

નલિની—મેં રમણને તે દહાડે જ કહ્યું હતું.

મંગળ—શાનું ?

નલિની—કે નગીનદાસ બાપાજીને રીપોર્ટ કરશે. મિત્રતાનો દાવો કરીને રીપોર્ટ કરશે, પણ ખરેખર તો પોતાની નિંદાવૃત્તિ સંતોષવા કરશે.

મંગળ—પણ નલિની, અમારા જૂના મિત્રો છે. એમાં નિંદા ક્યાં થઇ?

નલિની—નિંદા નહી તો સ્તુતિ!

મંગળ—નિંદાને સ્તુતિ વચ્ચે બીજું કૈં પણ હોઇ શકે : ચેતવણી.

નલિની—જેને તમે ઠરેલ માણસોની ચેતવણી કહો છો તેને જ આજ કાલના કાચા જુવાનો નિંદા કહે છે.

મંગળ—પણ નલિની, મેં આ સાંભળ્યું એટલે જરા ચીઢાયો.

નલિની—પણ એમાં ચીઢાવા જેવું શું હતું?

રમણ—એતો સ્વાભાવિક છે. હું નહોતો કહેતો—

નલિની—વધારે બોલીને અક્કલનું પ્રદર્શન કરવાની જરૂર નથી.

મંગળ—નલિની, તું જ ખાત્રી આપ તો હું રમણની નોટીસ પાછી ખેંચી લઉં છું.

રમણ—તમે જો પાછી ખેંચી લેતા હો તો હું કહું છું કે હું તમારી નોકરીમાં નથી રહેવા માગતો.

નલિની—પણ બાપાજી, મેં કશાએ ખાત્રી નથી આપી. અને ધારો કે હું રમણ સાથે પરણું—

મંગળ—શું ? શુ ?

નલિની—બાપાજી, આમ ચમકી કેમ બેસો છો ? મેં તો ધારવાનું જ કહ્યું. પરણું તો શું ખોટું છે ?

મંગળ—આવું કશું હું ધારવા માગતો નથી.

નલિની—બાપાજી, આ બધી વાતો પછી-વખતે હું રમણ સાથે પ્રેમમાં પડું તો શો નવાઈ ?

મંગળ—કઈ વાતો ?

નલિની—આ આખું ગામ કરે છે તે. અને જો એમ થાય તો રમણ સામે તમારે શો વાંધો છે ?

મંગળ—હું આ નકામી વાતો કરવા નથી માગતો. જો રમણ, લગભગ નવ થવા આવ્યા. રામદાસ શેઠને ટેલીફોન કર કે હું વાટ જોઉં છું.

નલિની—હા રમણ, તારી હાજરીમાં આ વાત ન થાય.

[રમણ બારણાં તરફ જાય છે]

અને રમણ !

રમણ—શું છે ?

નલિની—બારણાં પાછળ ઉભા રહીને સાંભળવાની જરૂર નથી. હું પછી બધું કહીશ. [રમણ જાય છે] બોલો બાપાજી !

મંગળ—નલિની આ શી રમત માંડી છે ?

નલિની—જુઓ બાપાજી, કોઇ પણ પગલું લેવું હોય તો પહેલેથી વિચાર કરેલો સારો નહીં ?

મંગળ—હા, હું જાણું છું કે તું સમજુ છે. પણ તું કે આવું કરવા માગતી તો નથી ને ?

નલિની—માગું તો શું થાય તેનો વિચાર કરવા માગું છું. પ્રેમ આંધળો છે, પણ પહેલેથી રંગીન ચશ્મા પહેર્યાં હોય તો 'ડેઝલ' થવાની ધાસ્તી ઓછી થાય, નહિ વારૂ ? વડીલો પાસેથી રંગીન ચશ્મા પહેરતાં તો શીખીએ. કેમ બાપાજી ?

મંગળ—નલિની, તું ક્યારે ગંભીર ને

ક્યારે બીનજવાબદાર વાતો કરે છે તે સમજાતું નથી.

નલિની—આટલા વર્ષ ન સમજાયું તો હવે સમજાવાનું છે? કહો બાપાજી.

મંગળ—તું જાણે છે નલિની—

નલિની—જુઓ હું જાણું છું તેટલું કહું. આપણી ન્યાતનો નથી.

મંગળ—હા,—

નલિની—અને ગરીબ છે.

મંગળ—હા,—

નલિની—અને તમારો સેક્રેટરી છે. બીજુ કૈં?

મંગળ—ના.

નલિની—હવે બીજી બાજુ તપાસીએ. હું ન્યાતમાં માનતી નથી અને ન્યાતમાં જ કોઇ છોકરા સાથે લગ્ન કરીશ એમ માની બેસવું નકામું છે.

મંગળ—પણ આપણી ન્યાતમાં જ સારા છોકરા ક્યાં ઓછા છે?

નલિની—હા. તેમાંનો એક નમૂનો તમે ગઇ કાલે બતાવ્યો. બીજા પણ હોય તો

બોલાવો, ગમ્મત પડશે. કાલે ગમ્મત પડી. નહીં, બાપાજી?

મંગળ—ગમ્મત મને તો દેખાઇ નહીં.

નલિની—પણ તે જવાદો. જૂવો હોશીઆર છે ને ભણેલો છે, પૈસાદાર નથી. પણ એને તમારા બીઝનેસમાં સાથે લો તો એ મોંઘો તો નથી જ પડવાનો.

મંગળ—એ બધી ખરી વાત.

નલિની—પણ હું મારા નિશ્ચયથી ન જ ફરૂં, એમ જ. નહી વારૂ, બાપાજી? અને હું એવું કરૂં તો મારૂં મોહું જોશો કે નહિ, બાપાજી? રમણ!

મંગળ—તું એવું કશું કરવાની નથી એવી મારી ખાત્રી છે.

નલિની—હા, હું એટલી ડાહી છું કે કોઇ ડહાપણ ભરેલી વર્તણુંક મારામા સંભવે જ નહીં. રમણ!

[રમણ દાખલ થાય છે]

મંગળ—કેમ ટેલીફોન કર્યો?

રમણ—રામદાસ શેઠ હમણાં પાએક કલાકમાં આવી પહોંચશે.

નલિની—જો રમણ ! [રમણ તેની તરફ જુવે છે.] તને બીજી નોકરી મળતી હોય તો તે જરુર લેવી. પણ તે એક મહિના પછી. બાપાજીની ઇલેકશન પૂરી થયા પછી, સમજ્યો ?

રમણ—સારું.

મંગળ—અને નલિની, તેં મારી પસ ખીસામાં મૂકી જ નહિ.

નલિની—તમારી પાસે તો મૂકી હતી.

મંગળ—ક્યાં ?

નલિની—ટીપાઇ પર. પણ તમને અગત્યના કામસર જવાની એટલી ઉતાવળ હતી કે તે લેતા ભૂલી ગયા હશો. ઉભા રહો જોઉં. [ઢુંઢીને જોવા માંડે છે.]

લો આ રહી. [લાવીને આપે છે.]

મંગળ—રુપીઆ મૂક્યા ?

નલિની—કાલે જ મૂક્યા.

મંગળ—[પાકીટ ઉઘાડીને જુએ છે] પણ આમાં તો નથી.

નલિની—શું રુપીઆ નથી ?

મંગળ—ના. તેં મૂક્યા જ નહીં હોય.

નલિની—ના મેં ખાત્રીથી મૂક્યા બાપાજી.

મંગળ—ત્યારે ક્યાં ગયા? આની તપાસ કરવી જોઇએ—

રમણ—પોલીસને ખબર આપું?

મંગળ—હા. પોલીસને ખબર આપવી પડશે. પણ કોઇ બહારનું તો નથી જ લઇ ગયું.

નલિની—હું નહોતી કહેતી કે તમે C. I. D. તરીકે સરસ શોભશો.

રમણ—ના બહારનું તો કોઇ ન જ હોય.

નલિની—Very clever Watson.

રમણ—ત્યારે શું કરીશું?

મંગળ—તું પોલીસને ટેલીફોન કરી આવ, પછી જોઇએ.

[રમણ બારણાં તરફ જાય છે]

નલિની—ઉભો રહે, રમણ.

મંગળ—શું છે નલિની?

નલિની—આપણે તપાસ કરીને પછી જરુર લાગે તો પોલીસને બોલાવીએ તે વધારે સારું નહીં?

રમણ—હા. તેમાં કૈં ખોટું નહી.

મંગળ—ના રમણ, પોલીસને ફોન કરી દે. પછી આપણે તપાસ કરીશું. [રમણ જાય છે]નલિની, આ પાકીટ હમણાં ક્યાંથી મળી?

નલિની—પેલી ટીપાઈ પરથી.

મંગળ—ગઈ કાલે તેં ક્યાં મૂક્યા હતી તે યાદ છે?

નલિની—યાદ છે ત્યાં સુધી તો એ જ ટીપાઈ પર મૂકી હતી.

[રમણ પાછો આવે છે]

મંગળ—ટેલીફોન કર્યો?

રમણ—હા હમણાં જ પોલીસ આવી પહોંચશે.

મંગળ—હું અહીંથી ગયો પછી તું તો ઘરમાં જ હતી, નલિની?

નલિની—ના, બાપાજી હું પણ બહાર ગઈ હતી. તમે ગયા પછી તરત જ.

મંગળ—અને રમણ?

નલિની—રમણ મારી સાથે જ હતો.

મંગળ—અને તમે પાછાં ક્યારે આવ્યાં?

નલિની—પોણા નવેક થયા હશે. નહિ, રમણ?

રમણ—પોણાનવે તો શો બંધ થયો. નવમાં પાંચેક મીનીટ ઓછી હશે.

મંગળ—રમણ તું અહીં કેટલા વાગ્યા સુધી હતો ?

રમણ—હું જમીને દસેક વાગે ગયો.

મંગળ—તમે મારા ગયા પછી અંહિ જ બેઠાં હતાં ?

નલિની—(જોરથી હસવા માંડે છે) બાપાજી, તમે wonderful (અદ્‌ભૂત) છો.

મંગળ—એમાં હસવાનું હું કૈં જોતો નથી.

નલિની—કેવા ચપચપ સવાલ પૂછો છો ? જાણે અમને જ ન તપાસતા હો !

મંગળ—ના નલિની, પૂછ્યા વગર કેમ સમજ પડે ક્યારે પાકીટમાંથી રૂપીઆ ઉપડી ગયા ?

નલિની—પણ રમણને પૂછવામાં શો ફાયદો ?

મંગળ—બધાને પૂછવું જોઇએ.

નલિની—જુઓ બાપાજી, જરા ઉભા રહો તો ટેલીફોન કરી આવું.

મંગળ—કોને ?

નલિની—ચંદુલાલ અને ફેનીને.

મંગળ—શા માટે ?

નલિની—તમારા ગયા પછી એ પણ અહીં હતા. એમને પણ પૂછવું તો જોઇએ.

મંગળ—ના નલિની, તેની કૈં જરુર નથી. ત્યારે તમે જમ્યા પછી અહિં જ બેઠા હતા ?

રમણ—હા.

મંગળ—અને તેં તે વખતે આ પાકીટ જોઇ હતી કેમ ?

નલિની—(મજાકમાં રમણને) હું પૂછું છું તેનો જવાબ આપવા તમે બંધાયલા નથી. પણ જે જવાબ આપશો તેનો તમારી સામે ઉપયોગ કરવામાં આવશે.

રમણ—Don't be silly (મૂર્ખ ન થા).

નલિની—Silly (મૂર્ખ) જરાએ નહીં. તું બાપાજીને ઓળખતો નથી. જોતો નથી કે તું Suspect છે (તારા પર વહેમ છે) ? કેવા દમામમાં સવાલો પૂછાય છે ?

મંગળ—ના ના એવું કશું નથી.

નલિની—બાપાજી, એણે રૂપીઆ લીધા છે એવો શક તો ખરો ને ?

મંગળ—ના, નલિની.

નલિની—ત્યારે લીધા હોય એવી આશા હશે.

મંગળ—નલિની! જો. રમણ, માણસોને બોલાવ.

રમણ—કોને બોલાવું?

મંગળ—બધાને.

નલિની—બધાનું શું કામ છે? શોફર તો કોઇ દહાડો અંદર આવતો નથી. અને માળી પણ નથી આવતો.

મંગળ—હા બરોબર છે. જા બાકીનાને બોલાવી લાવ. અને જો બધાને બાજુના રૂમમાં ઉભા રાખ. અને—અકેકને મોકલી આપ. (રમણ જાય છે)

નલિની— બાપાજી, આપણે ત્યાં બધા જુના નોકરો છે.

મંગળ—તેથી શું?

નલિની—કોઇએ પણ ત્રીસ વર્ષથી ઓછી નોકરી આપણે ત્યાં નથી કરી.

મંગળ—પણ તેથી શું?

નલિની—એમને પોલીસના હાથમાં આપશો ?

મંગળ—અવશ્ય.

નલિની—એમાંના એકે લીધા પણ હોય અને તે પોતાની ભૂલ કબુલ કરે તો પણ?

મંગળ—હું ચોરને ઉત્તેજન આપવા માંગતો નથી.

નલિની—હોય, માણસથી ભૂલ પણ થાય.

મંગળ -તો ભૂલની શિક્ષા પણ થાય.

[એક નોકર દાખલ થાય છે અને ધ્રુજતો ઉભો રહે છે]

જો સોમા, તું ગઈ કાલે સાંજ પછી આ ઓરડામાં કયારે આવ્યો?

સોમો—આ ઓરડામાં એટલે હમના છીએ તીયાં ?

મંગળ—હા.

સોમો—રોજ આવું છું.

મંગળ—[જરા ચીઢાઈને] તે તો હું જાણું છું. કાલે કયારે આવ્યો હતો ?

સોમો—બપોરે.

મંગળ—હું આવ્યો તે પહેલાં કે પછી ?

સોમો—તે પહેલાં.

મંગળ—અને આજે ?

સોમો—હમનાજ આવ્યો.

મંગળ—આ પાકીટ જો (પાકીટ બતાવે છે) અને તે કાલે જોયેલી કે ?

સોમો—ના સાહેબ.

મંગળ—જો સાચું કહી દે નહીંતો હેરાન થવું પડશે.

સોમો—પણ સું થયું છે શેઠ ? મેં નહીં જોયલી.

મંગળ—આમાંથી રૂા. ૧૫૦) કોઇએ કાઢી લીધા છે.

સોમો—(થરથર કાંપતા) પન સાહેબ, મુરબ્બી અમે આતલા વરછ તમારું કામ કઇરું તે આટલા માટે ?

મંગળ—જો તને જે ખબર હોય તે કહી દે.

સોમો—મને કૈં ખબર નથી. મને પૈછા જોઇએ તારે હું તમારી પાછે માગી લઉં છું. ચોરી કરી હોય તેના હાથ બલી જાય.

મંગળ—આપણા બીજા કોઇ માણસે લીધા હોય એવી ખબર છે?

સોમો—ના છેઠ.

મંગળ—જા તું બહાર જઇને ઉભો રહે.

(પાછળને બારણે જાય છે.)

રમણ,

(બીજો માણસ દાખલ થાય છે.]

માણસ— કેમ છેઠ?

મંગળ—તને શા માટે બોલાવ્યો તે ખબર છે?

માણસ—ના જી.

મંગળ—તું આ ઓરડામાં ગઇ કાલે ક્યારે આવ્યો હતો?

માણસ—ગઇ કાલે હું અહીં આવ્યોજ નહોતો.

મંગળ—અને આજે?

માણસ—આજે તો હમણાંજ આવ્યો.

મંગળ—જો સાચું હોય તે કહી દે.

માણસ—હું શા માટે જુઠું કહું?

મંગળ—આ ઓરડો સાફસુફ કોણ કરે છે?

માણસ—હમણાં તો ડાહ્યોને રામો કરે છે.

મંગળ—વારુ તું જા બહાર ઉભો રહે. રમણ, ડાહ્યાને મોકલ. (ડાહ્યો ધ્રુજતો દાખલ થાય છે અને ઉભો રહે છે.) કેમ ડાહ્યા? આટલો બધો ધ્રુજે છે શા માટે?

ડાહ્યો—મને ઠીક નથી.

મંગળ—પઠાણે માર્યો તો નથી ને?

ડાહ્યો—ન......ન......ના.

મંગળ—પઠાણ ક્યારે આવવાના છે?

ડાહ્યો—હમણાં જ.

મંગળ—અને રુપીઆનું શું કર્યું? [ડાહ્યો જવાબ આપતો નથી.] મે આપવાની ના પાડી એટલે આ પાકીટમાંથી કાઢી લીધા?

ડાહ્યો—(એકદમ રડવા માંડે છે અને પગે પડે છે) માફ કરો મને. આ છું કહરું?

મંગળ—તેનો પહેલેથી વિચાર કરવો હતો.

ડાહ્યો—મેં આ શું કર્યું? જેઠ હું તદ્દન અકલાઇ ગયેલો. પઠાન પૂઠે લાગેલો, મારી નાંખવાનું કહેલું.

મંગળ—રુપીઆનું શું કર્યું?

ડાહ્યો—[ખીસામાંથી કાઢીને] આ રીઆ. (આપે છે)

મંગળ—તેં આટલા વર્ષના વિશ્વાસ પર પાણી ફેરવ્યું?

ડાહ્યો—માફ કરો મને હું ફરીથી નહી કરું.

મંગળ—હવે ફરીથી આવું કરવાની તને તક જ મળવાની નથી. હમણાં પોલીસ આવશે.

ડાહ્યો—પોલીછ! [રડવા માંડે છે] છેઠ, તમારે પગે પડું. તમે મારા માબાપ છો. મને બચાવો. ફરીથી નહીં કરું. આટલા વરછમાં કોઈ વાર કૈં પણ કર્યું નથી.

મંગળ—તે તો કોણ જાણે, આજે પકડાયો.

ડાહ્યો—ના છેઠ, મારા છમ, મારા છોકરાના છમ ખાઈને કહું છું.

મંગળ—કોઈના સમ ખાવાની જરુર નથી. મેં પોલીસને બોલાવી છે, હમણાં આવશે. રમણ! [રમણ દાખલ થાય છે.] જો આ રુપીઆ.

રમણ—ક્યાંથી મળ્યા?

મંગળ—આ ડાહ્યાએ લીધેલા. બીજા

નોકરોને કામે જવાનું કહે અને આને બાજુના ઓરડામાં પોલીસ આવે ત્યાં સુધી પૂરી મુક.

ડાહ્યો—માફ કરો. [નલિનીને] બાઇ તમે તો કૈં કેઓ.

મંગળ—[ચીઢાઇને] ચાલ સીધો સીધો જાય છે કે નહી? [ડાહ્યો અને રમણ જાય છે.]

મંગળ—[અભિમાનથી] જોયું?

નલિની—હા બાપાજી.

મંગળ—આજે કોનો વિશ્વાસ કરવો તે જ સમજાતું નથી. આ સ્વપ્ને પણ એવું કરત એવુ હું ન માનત.

નલિની— હવે એનું શું કરશો?

મંગળ—કરવાનું શું હોય?

નલિની—પોલીસને સોંપશો?

મંગળ—હાસ્તો.

નલિની—પણ બાપાજી, જુનો માણસ છે.

મંગળદાસ—તેનાથી તો એનો ગુન્હો વધ્યો ગણાય.

નલિની—એને માફ કરો.

મંગળદાસ—અરે એમતે દુનીઆ કેમ ચાલે?

નલિની—પણ બીચારાએ પઠાણની બીકે આવું કર્યું લાગે છે.

મંગળદાસ—તેથી એનો ગુન્હો માફ ન થઇ શકે.

[રૂપીઆ પાકીટમાં મૂકે છે ને પાકીટ ટેબલ પર મૂકે છે. અને ઉભા થાય છે]—જો નલિની, રામદાસ શેઠ આવે તો બેસવાનું કહેજે. હું હમણાંજ આવ્યો. [જાય છે.]

નલિની—રમણ! ડાહ્યાને લઇ આવ.

[રમણ ને ડાહ્યો દાખલ થાય છે.]

ડાહ્યો—[પગે પડીને] બાઇ મને બચાવો. છેઠને કંઇ કહો.

નલિની—ડાહ્યા આ તેં શા માટે કર્યું ?

ડાહ્યો—મારાં નસીબ ફુટેલાં એટલે.

નલિની—પઠાણને શા માટે રૂપીઆ આપવા હતા ?

ડાહ્યો—મારો છોકરો માંદો હુતો તીવારે ૩૦ રૂપીઆ લીધેલા. છેઠ પાસેથી માગેલા પણ ની આપેલા. તેના વીયાજ સાથે ૧૦૦) રૂપીઆ આપવાના થયલા. આજે નહિ આપુ તો મારી નાખછે એમ કહી ગેલો. કાલે મે

છેઠ પાસેથી માયગા પણ છેટે આપયા ની. અને આ પાકીટ જોઇ મારાથી ની રહેવાયું, પણ હું ફરીથી ની કરૂં.

નલિની—પઠાણ ક્યારે આવવાનો છે?

ડાહ્યો—હમણાં પાછલના દરવાજા પાછે આવીને ઉભો ઉસે.

નલિની—રમણ, [પાકીટમાંથી રૂપીઆ કાઢી ગણે છે.] લે આ સો રૂપીઆ અને ડાહ્યાને સાથે લઇ જઇને પઠાણ આવ્યો હોય તો તેને આપી દે. (નોટો આપે છે.)

ડાહ્યો—અને પોલીસ?

નલિની—તે મારા હાથમાં નથી પણ હું બનશે તે કરીશ. જા રમણ. (રમણ ને ડાહ્યો જાય છે. નલિની રૂમમાં આમ તેમ ફરે છે. એટલામાં મંગળદાસ દાખલ થાય છે.)

મંગળ—કેમ નલિની રામદાસ નથી આવ્યા હજી?

નલિની—ના બાપાજી. પણ ડાહ્યાને આ એક વાર જવા ન દો?

મંગળ—ના, નલિની—(બહાર મોટરનો

અવાજ સંભળાય છે.) રામદાસ આવ્યા જ લાગે છે.

નલિની—લો બાપાજી આ તમારી પાકીટ સંભાળો મેં એમાંથી સો રૂપીઆ લીધા છે.

મંગળ—શા માટે?

નલિની—ડાહ્યાના પઠાણને આપવા.

મંગળ—પણ નલિની—

(નલિની જવાબ આપ્યા વગર જતી રહે છે. રામદાસ દાખલ થાય છે. પાંત્રીસેક વર્ષના ઠીંગણા ગૃહસ્થ છે. એમણે કાળી ટોપી, સફેદ ડગલો, ધોતીઉં અને કાળા સ્લીપર પહેર્યાં છે.)

મંગળ—આવો રામદાસ શેઠ!

રામદાસ—તબીયત તો સારી છે ને?

મંગળ—તબીયત તો ઠીક છે. ચા લેશો ને?

રામદાસ—ના.

મંગળ—ત્યારે સીગાર લો.

(રામદાસ સીગાર લે છે ને સળગાવે છે.)

રામદાસ—આજ કાલ તો ઇલેકશન પાછળ જ મથ્યા રહેતા હશો.

મંગળ—અરે એ વાત જ જવા દો.

માથુ દુઃખવા આવ્યુ છે અને પૈસા તો પાણીની માફક ખરચવો પડે છે.

રામદાસ—તમારા જેવાને શું છે?

મંગળ—બજારમાંથી વોટ મળશે ને?

રામદાસ—તમને નહીં તો બીજાને કોને આપશે?

મંગળ—પણ પેલા સ્વરાજીસ્ટ છે ને?

રામદાસ—અમે તો વેપારી માણસ; અમારે એ સ્વરાજીસ્ટ સાથે શો સંબંધ?

મંગળ—ત્યારે આપણે તમારા બજારના આગેવાનોને મળવાનું કયારે રાખશું?

રામદાસ—તમે કહો ત્યારે.

મંગળ—આજે બપોરે જઇશુ?

રામદાસ—જરૂર. અને આ વખતે તો મીનીસ્ટર જરૂર જ થશો.

મંગળ—અરે ચુંટાવા તો દો. પછી મીનીસ્ટરની વાત-બાકી તો ચુંટાઉ તો ચાન્સીસ ખરા.

રામદાસ—આપણો વેપારી જ મીનીસ્ટર થાય તે સારૂં. અને બીજા કેવા ખબર છે? મારા જેવું કૈં કામ હોય તે કહેજો.

મંગળ—બીજું તો હું મીનીસ્ટર થાઉં તો મીલનું શું કરવું તે સમજાતું નથી.

રામદાસ—કૈંક તો ગોઠવણ કરવી પડશે.

મંગળ—તમને તેના સંબંધમાં વાત કરવા બોલાવ્યા છે. તમે આજે ઘણાં વર્ષોથી ડીરેક્ટર છો એટલે મીલની સ્થિતિ તો તમે જાણો છો. આજે મુંબાઇમાં આવી સારી રીતે ભાગ્યે જ કોઇ મીલ ચાલતી હશે.

રામદાસ—હા. આપણે નસીબદાર તો ખરા.

મંગળ—નસીબ તો છે જ પણ તેની સાથે મેનેજમેંટ પણ જોઇએ. મારી ગેરહાજરીમાં કોઇ ભળતા જ માણસને સોંપવાનું મન નથી થતું. આટલા વર્ષનું કર્યું કારવ્યું વખતે પાણીમાં જાય.

રામદાસ—એ તો કોઇ વિશ્વાસપાત્ર માણસ જ જોઇએ.

મંગળ—રામદાસ શેઠ, તમારું પોતાનું બીઝનેસ કૈં ઓછું નથી. પણ પરમેશ્વરની કૃપાથી તમે પાંચ ભાઇઓ છો. તમે જ આ મીલની મેનેજમેંટ ઉપાડી લો તો કેમ?

તમે એજન્સી ફર્મમાં ભાગીદાર થઇ શકો. હું મીનીસ્ટર હોઉં ત્યાં સુધી તમારો બાર આના ભાગ અને પછી આપણો સરખો.

રામદાસ—હું વિચાર કરી જોઇશ.

મંગળદાસ—એ કામ તમે સંભાળો તો મને જરાએ ચિંતા ન રહે. અને એક બીજું કામ પણ હતું. બહુ મોટું તો નથી. તમે મન પર લો તો થઇ જશે.

રામદાસ—મારાથી બનશે તો જરુર.

મંગળ—તમે પૈસાની કંઇ સગવડ કરી શકો ?

રામદાસ—કેટલા જોઇએ છે ?

મંગળ—દોઢ લાખ.

રામદાસ—ના એટલા તો નહીં બની શકે. ચાળીસેક હજાર સુધી કરી શકું. હમણાં તો—

મંગળ—[આતુરતાથી] અને બાકીના કેટલા દહાડામાં કરી શકો ?

રામદાસ—બીજા ત્રણ ચાર મહિના સુધી તો આશા નથી.

મંગળ—બીજા કોઇ પાસે ન થઇ શકે ?

રામદાસ—મારા કરતાં તમે વધારે માણુસોને ઓળખો છો.

મંગળ—એક બે જણને પૂછી જોયું.

રામદાસ—ત્યારે બેંકમાંથી સગવડ કરીએ તો કેમ ?

મંગળ—તમારી ગેરંટી મળી શકે ?

રામદાસ—સીક્યુરીટી તો જરૂર હશે. પછી કૈં વાંધો નથી.

મંગળ— સીક્યુરીટી હમણાં આપી શકાય તેમ નથી. હા, પણ સક્યુરીટી વગર આ રકમ માટે તમને જામીન બનાવવા ઠીક નહીં.

રામદાસ—આપણે બીજી ગોઠવણ થાય તો કરીએ. ઉતાવળ છે ?

મંગળ—ગુરુવાર સૂધી થવું જોઇએ.

રામદાસ—જોઇશુ.

મંગળ—પણ આપણે એક કરી શકીએ.

રામદાસ—શું ?

મંગળ—આપણે આજે ઘણા વર્ષોનો અને ઘર જેવો જ સંબંધ છે. એટલે તમને કહેવામાં વાંધો નથી. (રામદાસ ધ્યાનપૂર્વક

સાંભળે છે) બે મહિના પહેલાં મને રુપીઆની Urgent [ખાસ] જરુર લાગવાથી મે બેંક પાસેથી દોઢ લાખ રુપીઆ લીધા તે પાછા માંગે છે.

રામદાસ— બીજા બે મહિના ન મળી શકે?

મંગળ—ના.

રામદાસ—તેને સીક્યુરીટી તો આપી હશે ને તે ટ્રાન્સફર કરી બીજી બેંક પાસેથી ગોઠવણ થઇ શકશે.

મંગળ–સીક્યુરીટી તો આપી છે પણ તેના ટ્રાન્સફરમાં જરા વાંધો આવે તેમ છે.

રામદાસ—તે કેમ?

મંગળ–મારી પાસે તે વખતે બીજી સીક્યુરીટી ન હોવાથી આપણી મીલની રૂની ગાંસડીઓ સીક્યુરીટી તરીકે આપી.

રામદાસ—આપણી મીલનું રૂ!

મંગળ—હું પંદરેક દહાડામા બીજી ગોઠવણુ કરવાનો હતો. એટલે તમને પૂછયું નહીં. પણુ તે ગોઠવણુ કરી શકયો નહીં. અને એ ગાંસડીની સીક્યુરીટી વધારે વખત રાખ-

વાનું મને યોગ્ય નથી લાગતું. ગમે તેમ પણ મીલની ગાંસડી છે. અને બેંક એ વેચી દે તે પણ ઠીક ન થાય.

રામદાસ—હા, એ તો સારું ન જ થાય.

મંગળ—આપણે એક વાત કરી શકીએ.

રામદાસ—શી ?

મંગળ—મીલજ દોઢ લાખ રૂપીઆ raise (ઉભા) કરીને મને લોન આપી શકે. મીલને જરુર હોય છે ત્યારે હું હમેશ આપતો આવ્યો છું.

રામદાસ—આપણે બીજા ડીરેકટરોને પૂછવું જોઇશે ને ?

મંગળ—હા પૂછવું તો જોઇશે. તમે જરા મળીને નક્કી ન કરી ઘો ? અને બુધવારે આપણી મીટીંગમાં પાસ ન કરાવી દો ?

રામદાસ—(વિચાર કરીને) બનતું કરીશ.

(રમણ દાખલ થાય છે)

મંગળ—કેમ રમણ ?

રમણ—પોલીસનો ઇન્સ્પેકટર આવ્યો છે.

રામદાસ—શું થયું ?

મંગળ—અરે રામદાસભાઇ, આજે કોનો વિશ્વાસ કરવો તે જ સમજાતું નથી. ગઇ કાલે ટીપાઇ પર મારી પર્સ ભૂલી ગયો તેમાંથી મારા એક નોકરે ૧૫૦) રૂપીઆ કાઢી લીધા. તે સાલો વીસ વરસનો જૂનો નોકર; આ છોકરાઓ કહે છે કે એને જવા દો પણ એમ જવા દઇએ તો જીવવું પણ કઠણ થઇ પડે, અને બીજા નોકરોને ચોરી કરવાનું ઉત્તેજન આપવા જેવું થાય.

રામદાસ—તમે બરાબર કર્યું.

મંગળ—સાંભળ રમણ, જો ઇન્સ્પેકટરને બધી વાત કરી દે અને ડાહ્યાને સોંપી દે.

[રમણ જાય છે]

રામદાસ—ત્યારે હું રજા લઉં?

[ઉઠે છે]

મંગળ—અને જુઓ માલ તો તમારે જ સંભાળવી પડશે.

—પડદો પડે છે—

અંક ત્રીજો

[એક મહીના પછી. સ્થળ એ જ. નલિની અને રમણ વાતો કરતા બેઠા છે.]

નલિની—અને રમણ આજે એટલા બધા કોણ આવવાના છે?

રમણ—M. L. C. ઓ (ધારાસભાના સભ્યો).

નલિની—શા માટે?

રમણ—હું મંગળદાસ શેઠના નિમંત્રણ પત્રના શબ્દોમાં કહું તો "It seems to me desirable that some of us might meet to-gether to consider the question of forming a strong Nationalist-group to act as a vigilant opposition party." (સબળ વિરોધ પક્ષ તરીકે કાર્ય કરવા માટે એક

પ્રબળ રાષ્ટ્રીય પક્ષ સ્થાપવાનો વિચાર કરવા આપણે કેટલાકે મળવું એ મને ઇષ્ટ લાગે છે.)

નલિની—કોણે, બાપાજીએ આ નિમંત્રણ મોકલ્યું ?

રમણ—નહીં તો બીજા કોણે ?

નલિની—પણ બાપાજી તો મિનિસ્ટર થવાની વાતો કરતા હતા.

રમણ—આખરે એક વિષય એવો જડયો ખરો કે તને ન સમજાયો.

નલિની—આ તારી male superiority (પુરુષ તરીકેનું ચઢીઆતાપણું) રહેવા દે. કહેવું હોય તો કહે, નહીં તો હું શોધી કાઢીશ.

રમણ—મંગળદાસ શેઠ મિનિસ્ટર થવા માટે જ આવો પક્ષ ઉભો કરવાનો પ્રયત્ન કરે છે.

નલિની—પણ આ તો વિરોધ પક્ષની વાત છે.

રમણ—તેમાં તો ખુબી છે. દરેક પ્રાંતમાં અને દરેક ચુંટણી પછી આવી જાતના ફારસ થાય છે. જેને મિનિસ્ટર થવાની ઇચ્છા હોય છે તે પંદર વીસ મોડરેટ અને place

hunters-(જગ્યા શોધનારા) સ્પષ્ટ કહું તો માફ કરજે.

નલિની—Go on (કહે-કહે).

રમણ—place hunters (જગ્યા શોધનારા) ને ભેગા કરીને આવી જાતના વિરોધ પક્ષ ઉભા કરવાના ઢોંગ કરે છે.

નલિની—પણ તેથી શો ફાયદો ?

રમણ—આવા પક્ષનો લીડર જે નીમાય તેને મિનિસ્ટર થવાની વકી રહે છે, કારણ કે એને મિનિસ્ટર બનાવવાથી એ પક્ષના મત ગવર્મેન્ટ હસ્તગત કરી શકે છે.

નલિની—ત્યારે તો આ ગવર્મેન્ટ પક્ષ જ થયો.

રમણ—હાસ્તો.

નલિની—પણ ત્યારે એને રાષ્ટ્રીય વિરોધ-પક્ષ શા માટે કહે છે ?

રમણ—એ લોકો રાષ્ટ્રીય બાબતમાં હમેશ વિરોધ કરે છે તેથી એમ કહેતા હશે. એ ગૃહસ્થો એમ માને છે કે આવું નામ આપીને લોકોની આંખોમાં ધુળ ફેંકી શકાય. ગવર્મેન્ટને સહાય કરે છે એમ નથી બતાવવું. એ તો

અમારામાંનો એક માણસ મિનિસ્ટર થયો તેને અમે ટેકો આપીએ છીએ એમ કહી શકાય તેથી.

નલિની—અને લોકો માને છે ?

રમણ—કોઇ માનતું નથી. બધા એમને ઓળખે છે.

નલિની—(મોટરનો અવાજ સાંભળીને) બાપાજી આવ્યા કે શું ? (બારણા તરફ જુએ છે. મંગળદાસ દાખલ થાય છે.)

મંગળદાસ—કેમ નલિની, શું ચાલે છે ?

નલિની—આ તમારી નવી પાર્ટીની વાતો.

મંગળદાસ—હમણાં જ બધા આવશે. ચાની ગોઠવણ કરાવી છે ને ?

નલિની—બધું તૈયાર છે. બાપાજી, તમે વિચાર બદલ્યો કે શું ?

મંગળદાસ—શાનો નલિની ?

નલિની—તમે તો મિનિસ્ટર થવા માગતા હતા, પણ હવે તો વિરોધપક્ષમાં જઇને બેસવાનો વિચાર લાગે છે.

મગળદાસ—પાર્ટીના સબળ ટેકા વગર મિનિસ્ટર થવું શા કામનું ? એ તો ગવર્મેન્ટના

અને નોમીનેટેડ મતો પર જ આધાર રાખવા પડે ને ?

નલિની—અને આ પાર્ટી કેટલાક જણાની થશે ?

મંગળદાસ—વીસેક મેંબર થશે.

નલિની—અને એ વીસ મેંબરના જ ટેકાથી તમે તમારૂં કામ કરશો ?

મંગળદાસ—ના, સાથે સરકારી મેંબરોનો ટેકો પણ હોય તો.

નલિની—એટલે તમે આ વીસ જણને પણ સરકારી મેમ્બરો નહીં બનાવી દો ?

મંગળદાસ—ના, નલિની, તું એમ ના સમજે. બહુ લાંબી વાત છે. હું તને પછી બધું સમજાવીને કહીશ.

નલિની—આ તમારૂં ઓપોઝીશન ક્યારે ભેગું થવાનું છે ?

મંગળદાસ—આજે તો થોડા જ જણ આવવાના છે. પાએક કલાકમાં આવવા જોઇએ. કેમ રમણ, બીજી શી ખબર છે ?

રમણ—તમારી ન્યાતની ત્રણ સંસ્થાઓ

તરફથી માનપત્રનું નિમંત્રણ સ્વીકારવા માટે વિનંતિપત્રો આવ્યા છે.

મંગળદાસ—એમને તારીખ નક્કી કરી જવાબ લખી નાખ અને આપણા ચુંટણીના ખરચના રીટર્ન તૈઆર કરી નાખજે.

રમણ—એ કામ તો હવે કોઇ બીજાએ કરવું પડશે. મેં બધાં કાગળીઆં ભેગાં કરીને રાખ્યાં છે.

મંગળદાસ—કેમ રમણ, તને હીસાબ કરતાં નથી આવડતો !

રમણ—મારો એક મહીનો આજે પૂરો થાય છે.

મંગળદાસ—હું ન સમજ્યો.

રમણ—હું ગયે મહીને જ બીજી નોકરી પર જવાનો હતો પણ તમારા કહ્યાથી એક મહીનો રહ્યો. આવતી કાલથી મેં બીજી જગ્યાએ જવાનું નક્કી કરી દીધું છે.

મંગળદાસ—પણ મેં તો તે દહાડે જ નોટીસ ખેંચી લીધી હતી.

રમણ—પણ મેં તે સ્વીકારી નહોતી ને.

મંગળદાસ—ભાઇ તમે આજકાલના જુવાનીઆઓના તો મગજ જ બહુ ગરમ થઇ ગયા છે. જરાક કૈં કહીએ તો ખોટું લાગે.

રમણ—તમે મને કૈં કહ્યું ન હોત તો પણ હું રાજીનામું આપવાનો હતો.

મંગળદાસ—પણ કૈં કારણ તો હશે ને ! પગાર ઓછો પડયો ?

રમણ—પગારનો સવાલ નથી.

મંગળદાસ—પણ કૈં કારણ તો હશેને. જો રમણ, તારા જેવો માણસ આમ નાની નોકરીમાં રહેવા લાયક નથી. હમણાં તો તું અહીં રહે, હું તને તારે લાયક બીજું કામ બતાવીશ.

નલિની—હું તો ક્યારની કહેતી આવી છું કે રમણને તમારે ભાગીદારીમાં લેવો.

મંગળદાસ—આમ ભાગીદારીમાં કૈં એકદમ લેવાય ? પણ આપણી પેઢીમાં મૂકવાનો મારો વિચાર હતો.

નલિની—હા, બાપાજી, તમે મિનીસ્ટર થશો તો આપણી પેઢી કોણ ચલાવશે ?

મંગળદાસ—રામદાસને ભાગીદારીમાં લેવાનું લગભગ નક્કી કર્યું છે.

નલિની—રમણને એ કામ કેમ નથી સોંપતા? ભાગીદાર નહીં તો પગાર આપીને.

રામદાસ—મીલ સંભાળવી એ કંઈ રમત નથી. એમાં કોઈ અનુભવી માણસ જોઈએ ને?

નલિની—બાપાજી, હું અને રમણ સાથે ચલાવીએ તો કેમ?

મંગળદાસ—વળી પાછી એ જ વાત! આ કંઈ બૈરાંઓનાં કામ છે?

નલિની—પણ બાપાજી તમે તો મીનીસ્ટર થયા પછી પેઢીના કામકાજમાં ધ્યાન આપી ન શકો, નહીં વારૂ?

મંગળદાસ—મારાથી એ ન જોવાય એટલે તો રામદાસ જોડે નક્કી કરૂં છું.

નલિની—રામદાસભાઈને ભાગીદારીમાં તો લેશો પણ તમારી તરફથી તો કોઈક જોઈશે ને?

મંગળદાસ—હોય તો સારૂં.

નલિની—ત્યારે રમણને મૂકો.

મંગળદાસ—રમણને હું પેઢીમાં તો મૂકી શકું. કેમ રમણ, શો વિચાર છે? અને ચાલો

હવે હું મોઢું ધોઇ લઉં. કોઇ આવે તો બેસાડજો. (જાય છે)

નલિની—કેમ રમણ?

રમણ—આ શી રમત માંડી છે?

નલિની—રમત નથી.

રમણ—રમત નથી તો ગમત છે?

નલિની—તે પણ નથી.

રમણ—પણ આ બધી ડાહી ડમરી વાતો કરવામાં શો ફાયદો? તારા બાપા કૈં એમ માનવાના છે?

નલિની—રમણ, અંગ્રેજો પોતાની હકુમત Propaganda (પ્રચારકાર્ય)થી સબળ બનાવે છે એમ તને નથી લાગતું?

રમણ—હા પણ તેનું શું?

નલિની—તેમ હું પણ Propaganda (પ્રચારકાર્ય)માં માનનારી છું. ચાલુ Propaganda કર્યાથી શું નથી થતું!

રમણ—પણ આ કેસમાં કશુંએ નથી થવાનું.

નલિની—મને એટલી બધી ખાત્રી નથી.

રમણ—અને કૈં અસર થાય તો તેને વર્ષો લાગશે. એટલામાં તો તું ને હું બન્ને દાંત વગરનાં ડોસાં થઇશું.

નલિની—વખત તો લાગશે પણ તું ધારે છે તેટલો તો નહીં જ.

રમણ—પણ તું શું કહેવા માગે છે તે જ સમજાતું નથી.

નલિની—જો રમણ, બાપાજી તને હમણાં ઓફીસમાં મૂકે તો તને ભાગીદાર થવાને બહુ વાર નહિ લાગે, એટલે જો બાપાજી મીનીસ્ટર રહે તો એકએક વર્ષમાં એવું થઇ શકે.

રમણ—પણ નલિની, આપણાં લગ્નની સંમતિ એમની પાસેથી મેળવવાની તને આશા હોય તો તે તદ્દન વ્યર્થ છે.

નલિની—એવી કશીએ આશા મને નથી.

રમણ— ત્યારે આવા હવાઇ કીલ્લા બાંધવામા શો ફાયદો છે ?

નલિની—રમણ, હું એમ નથી કહેતી કે કદી જ નહીં મળે પણ આવા ચાન્સીસ કૈં રોજ નથી મળતા.

રમણ—પણ તેથી શું?

નલિની—હમણાં આપણે પરણવાનું મુલતવી રાખીએ.

રમણ—તને જો ગરીબને પરણવાનું અને તેની ગરીબાઇમાં ભાગીદાર થવાનું પસંદ ન હોય તો તેમ જરૂર થઇ શકે.

નલિની—રમણ, આવું બોલવું તને નથી શોભતું.

રમણ—ત્યારે શું બોલું ?

નલિની—જો, તારી કાર્કીર્દી વચ્ચે હું લગ્નને નહીં આવવા દઉં.

રમણ—મારે તો તું હોય એટલે બસ છે.

નલિની—ના રમણ, બે પાંચ વર્ષ પછી હું ઉતાવળે ન પરણ્યો હોત તો સારૂં થાત એવું તારા મનમાં આવે એ મારે નથી જોઇતું.

રમણ—એવું કશુંએ મનમાં નથી આવવાનું.

નલિની—અને રમણ. મેં ક્યાં કહ્યું છે કે આપણે નહીં પરણીએ ? તું ઠેકાણે પડી જાય એટલે આપણે પરણીશું. બે વર્ષ વાટ જોવાનું જ કહું છું.

રમણ—પણ આપણે પરણવાના છીએ એ જાણ્યા પછી તારા બાપાજી મને એ ચાન્સ આપશે એમ તું માને છે?

નલિની—ના, એમને ખબર પડે તો તને પાણીચું જ મળે.

રમણ—એટલે આપણે કંઇ પણ બોલવું જ નહીં?

નલિની—હા, રમણ.

રમણ—ના, નલિની, મારાથી એવું નહીં થાય. તારા બાપાજી જાણ્યા પછી જો મને રાખવા માગતા હોય તો લગ્ન આપણે મુલતવી રાખીએ તેમાં મને વાંધો નથી. પણ એમને કહ્યા વગર ચોરની માફક મારે એમની નોકરીમાં રહેવું નથી.

નલિની—રમણ, તું તદ્દન unpractical (અવ્યવહારૂ) વાતો કરે છે.

રમણ—મારે practical (વ્યવહારૂ) નથી થવું. મારે આ વાતની વધારે ચર્ચા નથી કરવી.

નલિની—Raman I am so glad. (રમણ, હું એટલી રાજી થઇ)

રમણ—વળી શું થયું ? Sarcastic (કટાક્ષમય) થવાની જરૂર છે ?

નલિની—હું Sarcastic (કટાક્ષમય) નથી થતી, ખરેખર હું રાજી થઇ છું.

રમણ—પણ શાથી ?

નલિની—આ તારા નિશ્ચયથી. You are a darling. (ચુંબન કરે છે)

રમણ—એટલે આ તો મારી પરીક્ષા ચાલતી હતી, કેમ ?

નલિની—ના, રમણ, પરીક્ષા નહોતી. એક તરફથી મન કહેતું હતું કે મારે તારી કારકીર્દી વચ્ચે ન આવવું અને બીજી તરફથી મને આશા હતી કે આવી રીતે મળતી તક તું નહીં સ્વીકારે.

રમણ—નલિની, હું તને ક્યારે ઓળખી શકીશ ?

નલિની—જેમ પરીચય ધાડો થાય તેમ તેને સમજવાની શક્તિ ઓછી થાય રમણ.

રમણ—બરોબર. You are always right my love. ત્યારે બાપાજીને ક્યારે કહીશું ?

નલિની—(જરા હસીને) કહીશું !

રમણ—ના, ક્યારે કહું ?

નલિની—બીજી નોકરી તો નક્કી છે ને ? (રમણ માથું ધુણાવી હા પાડે છે) તો તો ગમે ત્યારે.

રમણ—ત્યારે તો આજે જ જતાં પહેલાં કહીશ.

નલિની—અરે, પેલો પેડીંગ વાળો ડગલો સાથે લાવ્યો છે કે ?

રમણ—બખતરના દહાડા ગયા.

નલિની—અને રમણ, તું સવારના જેલ પર ગયો હતો કે ?

રમણ—હા, ડાહ્યાને મારે ઘેર મૂકતો આવ્યો છું.

નલિની—અહીં ક્યારે બોલાવ્યો છે ?

રમણ—ચાર સાડાચારે આવશે. (બહારથી મોટરનો અવાજ આવે છે)

(રામદાસ આવે છે)

નલિની—આવો રામદાસભાઇ, બેસો. (રામદાસ બેસે છે.) રમણ, બાપાજીને ખબર કરી આવ. (રમણ જાય છે)

રામદાસ—મંગળભાઇ તો ઘણું કામમાં હશે.

નલિની—હા, આજે કેટલાક કૌંસીલના મેમ્બરોને નવી પાર્ટી ઉભી કરવાના ઇરાદાથી નોતર્યા છે. અને રામદાસભાઇ તમે મીલમાં ભાગીદાર થવાના છો, નહીં વારૂ ?

રામદાસ—લગભગ નક્કી છે.

નલિની—તો મારૂં એક કામ ન કરો ?

રામદાસ—શું કરવું છે ?

નલિની—ઓફીસનાં કામમાં હું આવીને મદદ કરૂં તો તમને કૈં વાંધો છે ?

રામદાસ—પણ તમારાથી......

નલિની—તમે પણ આ સ્ત્રીઓનું કામ નથી એવું માનતા લાગો છો.

રામદાસ—ના તદન તો નહીં.

નલિની—ત્યારે મને experiment (પ્રયોગ) તો કરવા દો.

રામદાસ—મંગળભાઇને વાંધો ન હોય તો.

(મંગળદાસ દાખલ થાય છે.)

મંગળદાસ—મંગળભાઇને શાનો વાંધો ન હોય તો ?

નલિની—એ તો બાપાજી, જો તમને વાંધો ન હોય તો રામદાસભાઇ મને ઓફીસનું કામ શીખવવા રાજી છે.

મંગળદાસ—તે જોઇ લઇશું. ચાની ગોઠવણ કરાવ.

નલિની—(ઉભી થઇને) જુઓ રામદાસભાઇ, ફરી નહિ જતા રહો. (જાય છે)

મંગળદાસ—કેમ રામદાસભાઇ શા ખબર છે?

રામદાસ—ખબર તો તમે આપી શકો.

મંગળદાસ—મને તો બેસવાનોય વખત નથી. આ ઇલેકશન પુરૂં થયું એટલે dinner (ખાણાં) અને પાર્ટીઓ શરૂ થયાં.

રામદાસ—હું પણ વેપારીઓ તરફથી તમને નિમંત્રણ આપવા આવ્યો છું.

મંગળદાસ—વેપારીઓનો મને સારો ટેકો મળ્યો.

રામદાસ—બની શકે તો પરમ દહાડે સાંજે ગાર્ડન પાર્ટી રાખવાની અમારી ઇચ્છા છે.

મંગળદાસ—જરૂર. અને રામદાસભાઇ,

આપણે પેલું એગ્રીમેન્ટ હવે જલદી કરી લેવાનું છે.

(નલિની બે ત્રણ નોકરો સાથે દાખલ થઇને ખાવાના પદાર્થો ટીપાઇઓ પર ગોઠવવા માંડે છે.)

રામદાસ—તમારૂં નક્કી છે ?

મંગળદાસ—લગભગ. ગઇ કાલે જ ગવર્નરે મળવા બોલાવ્યો હતો. અને અમારી નવી પાર્ટીની યોજના થઇ જાય તો પછી કૈં હરકત આવે એવું નથી, એવું ગવર્નર સાહેબના કહેવા પરથી લાગ્યું.

રામદાસ—ત્યારે તો અભિનંદન આપી શકું. અને એગ્રીમેન્ટ તો તમે કહો ત્યારે કરી નાખીએ.

મંગળદાસ—જુઓ મારો ભાગ નલિનીને નામે રાખશું.

રામદાસ—જરૂર.

નલિની—બાપાજી, મારે નામે ભાગ રાખો તો તો પછી હું ઓફીસમાં જઇ જ શકું.

મંગળદાસ—વારૂ જજે.

નલિની—સાંભળો રામદાસભાઇ, તમે સાક્ષી છો. નહિ તો વળી બાપાજી ફરી જશે.

(પાછી કામ કરવા લાગે છે)

રામદાસ—હું આવતી કાલે જ આપણા સોલીસીટરને એગ્રીમેન્ટ કરવાનું કહી દઇશ.

મંગળદાસ—અને રામદાસભાઇ, પેલી મીલની લોન પાછી આપવાની કૈં ગોઠવણ કરીએ તો સારૂં નહિ?

રામદાસ—હા, બને તો કરી નાખવું.

મંગળદાસ—કોઇ બેન્ક સાથે આપણે ગોઠવણ કરી શકીએ. થોડી સગવડ તો તમે પણ કરી શકશો. મારા ભાગમાંથી વાળી લેજો.

રામદાસ—તમે નચિંત રહો. હું બધી ગોઠવણ કરી લઇશ.

મંગળદાસ—આ મીલ ચલાવવાનું તમે માથે લીધું તેથી મારી અરધી જંજાળ પતી ગઇ.

(ભૈયો દાખલ થાય છે)

ક્યોં ભૈયા?

ભૈયો—દો સાહબ મીલન આયે હૈં.

મંગળદાસ—ઉનકો હયાં લે આઓ.

(ભૈયો જાય છે)

આજે ચાર દહાડાથી તો એક મીનીટે બેસવા નથી મળતું.

(બે ગૃહસ્થો દાખલ થાય છે)

આવો ગોરધનભાઇ, આવો મણિભાઇ, (ઉભા થઇને શેકહેન્ડ કરે છે)

બેસો. (બધા બેસે છે)

કેમ કૈં ભૂલા પડ્યા ?

ગોરધનભાઇ—અમને વિચાર આવ્યો કે કોરપોરેશનના મેમ્બરો તરફથી આપને એક ખાણું આપવું. આપને જે દિવસ અનુકુળ થાય તે નક્કી કરીએ.

મંગળદાસ—આ તમે મને જમાડી જમાડીને મારી નાખશો. (બધા હસે છે) પણ ગોરધભાઇ, શી ઉતાવળ છે ? આપણે આઠ દસ દહાડા રહીને વિચાર કરીએ તો કેમ ?

મણિભાઇ—એ તે કૈં ચાલે ? બધા તમને જમાડે અને અમારે અમારા પ્રમુખને જમાડવા વાટ જોવી !

રામદાસ—મંગળભાઈએ થોભવાનું કહ્યું તેનું કારણ તો એમના બીજા એનગેજમેન્ટસ હશે, પણ હું એક સબળ કારણ બતાવું.

ગોરધનભાઈ—એવું તે શું કારણ છે?

રામદાસ—આજે કોરપોરેશનના મિત્રો એમને એ કોંસીલના મેમ્બર ચુંટાયા એટલે જમાડે તેના કરતાં આપણા નવા મિનિસ્ટરને જમાડે તો વધારે સારૂં નહિ?

ગોરધનભાઈ }
મણીભાઈ } —મારાં અભિનંદન.

મંગળદાસ—અરે રામદાસભાઈ, હજી થવા તો દો. જોજો મિનિસ્ટરને જમાડવાનું નક્કી કરશો તો હું જમણમાંથી પણ વખતે રખડી જઈશ.

ગોરધનભાઈ—રામદાસ શેઠનું કહેવું બરાબર છે. ત્યારે ચાર છ દહાડા પછી રાખશું. એટલામાં ઓરીશીઅલી ખબર બહાર પડશે. (બહારથી મોટરનો અવાજ આવે છે. ભૈયો દાખલ થાય છે)

ભૈયો—દો સાહેબ આયે હૈ.

મંગળદાસ—લ્યાં લે આના. (ભૈયો જાય છે) અમારી કૌંસીલના કેટલાક મેમ્બરોને તેડયા છે તે આવ્યા લાગે છે.

રામદાસ—ત્યારે હું રજા લઇશ.

ગોરધનભાઇ—અમે પણ જઇશું.

(રામદાસ, ગોરધનભાઇ અને મણિભાઇ જાયછે અને બે જણ દાખલ થાય છે. એકનું નામ રા. સા. ગુગુળી છે. પચાસેક વર્ષના જરા ઠીંગણા, સુકા પણ પાકા દેખાતા કર્ણાટકી ગૃહસ્થ છે. લાંબો ડગલો અને પાટલુન પહેર્યાં છે માથે ફેંટો છે અને ખભે પીછોડી છે. નાકે ચસ્મા છે. બીજાનું નામ કરામતખાન છે. પાંત્રીશેક વર્ષના અને ચાલાક છે.ઓપન કોલરનો કાળો ડગલો ને નેકટાઇ અને ગરમ પાટલુન પહેર્યાં છે. માથે લાલ ટોપી છે. મંગળદાસ ઉભા થાય છે.)

મંગળદાસ—આવો. (શેકહેંડ કરે છે)

ગુગુળી—તુમચા મુંબઇના બંગલા તો જડવાના કઠીન આહે.

મંગળદાસ—એટલું બધું તે શું થયું ?

ગુગુળી—અરે હે કરામતખાન નહીં સાંપડતે તો હું હજી ફીરત રહ્યો હોત.

કરામત—તમે ગુજરાતી ઠીક બોલો છો.

મંગળદાસ—રા. સા. ગુગુળી તો કેટલાક વર્ષ મુંબઇમાં વકીલાત કરતા હતા.

કરામત—બીજા કોઇ નથી આવ્યા ?

મંગળદાસ—હમણાંજ આવશે. તમારા બન્ને જોડે જરા વાત કરવી હતી એટલે તમે વહેલા આવ્યા એ ઠીકજ થયું.

ગુગુળી—બોલો, શું છે ?

મંગળદાસ—આજે આપણે પાર્ટી બાબત વિચાર કરવાનો છે તે તો તમે જાણો છો. તમે બન્ને અમારી પાર્ટીમાં જોડાઇ શકો તો સારૂં થાય. તમારી સાથે બીજા બ્રાહ્મણેતરો અને મુસલમાન પણ જોડાશે તો આપણે પાર્ટીને સબળ બનાવી શકશું એટલે પેલા સ્વરાજીસ્ટોની ચિંતા નહી રહે. પણ તમે જોડાઇ શકશો ને ?

કરામત—હું તો જોડાઇશ.

ગુગુળી—મી પણ તરફેણમાં આહે પરંતુ બીજા મિત્રોને વિચારવું પડશે.

મંગળદાસ—પણ તમે જોડાઓ કે જોડાયા વગર સહકાર કરો તો પણ આજે આપણે મિનિસ્ટરોના નામનો વિચાર કરતી વખતે હું તમારા બન્નેના નામો સુચવવાનો છું તમને હરકત ન હોય તો.

કરામત—સીંધના મુસલમાનોનો કૈં ભરોસો નથી.

મંગળદાસ—મુંબઇના મુસલમાનો અને પાર્ટી તમને જરૂર ટેકો આપશે.

(ભૈયો દાખલ થાય છે)

ભૈયો—દુસરે સાહબ આયે હૈં.

મંગળદાસ— યહાં લે આના. (ભૈયો જાય છે) આપણે બધા સાથે મળીને કામ કરીશું તો બહુ કરી શકીશું.

(પાંચ M. L. C. ઓ દાખલ થાય છે. પહેલા બમનજી ખુમલા, પચાસેક વર્ષના જાડા ઉંચા અને હસમુખા છે. પારસી ઢબનાં કોટ પાટલુન અને પાઘડી પહેર્યા છે. બીજા રા. બા. દંડવતલાલ ચાળીસેક વર્ષના ગુજરાતી ગૃહસ્થ છે. ધોતીઉં, લાંબો ડગલો અને દક્ષણી

પાઘડી પહેર્યાં છે. ત્રીજા સરદાર દામનારાયણ વય આશરે પંચાવન હશે. વાળ અને મુછો સફેદ થવા માંડયા છે. એમણે અંગરખો અને ધોતીઉં પહેર્યાં છે. માથે સફેદ ફેંટો છે અને પગે બુટ અને મોજાં છે. જમાનાના ખાધેલ અને અમલદારોને સમજાવવામાં ઘણા કુશળ છે. ચોથા મુખી ભોજનાની ચાળીસેક વર્ષના સિંધી ગ્રહસ્થ છે. અંગ્રેજી પોશાકમાં સજ્જ છે. મુછોના આંકડા ચઢાવેલા છે. અને પાંચમા દી. બ. રઘુનાથરાવ લાંડગેકર. પચાસેક વર્ષના ચંચળ દક્ષિણી ગ્રહસ્થ છે. કપડાંમા દક્ષિણી પાઘડી, કોટ અને પીછોડી, પગે બ્રીટીશ સામ્રાજ્યની વફાદારીના ચીહ્ન દાખલ પાટલુન મોજાં અને બુટ પહેર્યાં છે.

(મંગળદાસ ઉભા થઇને બધાને શેક હેન્ડ કરે છે)

મંગળદાસ—આવો, ચાલો, ઓળખાણ કરાવું. કરામતખાનને તો બધા ઓળખો છો. આ રાવ સાહેબ ગુગુળી, અને આ મી. બમનજી બુમલા, મારા પ્રતિસ્પર્ધી અને હવે કલીગ. આ રાવ બાહાદુર દંડવતલાલ. આ સરદાર દામ-

નારાયણ. આ મુખી ભોજનાની અને આ દીવાન બહાદુર રઘુનાથરાવ લાંડગેકર.

ગુગુળી—દી. બ. ને તો હું સારી રીતે ઓળખું છું. કોલેજમાં સંગતીજ હોતો.

લાંડગેકર—આઠવણ આહે કા. પુષ્કળ વર્ષાની ભેટ ઝાલી મહણુન વિચારતો.

ગુગુળી—બહા તુમ્હી પણ ખુબ અહા ખુવા, હે કસં વિસરણાર.

મંગળદાસ—બેસીશું? (બધા બેસે છે) બમનજીશેઠ તમે મને બહુ હંફાવ્યો હોં.

બમનજી—અરે મારા સાહેબ, તમે બી જબરા છેવ. મારાથી બે હજાર વોટ તો વધારે મળીયા અને હું તો જેમ તેમ તીજે આયો અને વલી કેવોચ કે હંફાવીઓ.

દંડવતલાલ—મી. મંગળદાસ, બીજું કોણ આવવાનું છે?

મંગળદાસ—બધા જ આવી ગયા.

દામનારાયણ—બસ, આટલા જ જણને બોલાવ્યા છે?

મંગળદાસ—હા, માત્ર લીડર્સને જ બોલાવ્યા છે. (આ સાંભળીને બધા ખુશ થએલા

દેખાય છે.) આપણે બધા મળીને કૈં નિર્ણય પર આવીએ તો બાકીના મેમ્બરોને બોલાવીને એમની પાસે આપણી યોજના રજુ કરીશું.

કરામત—હા, એ તો ઠીક કર્યું. બહુ જણ ભેગા થાય તો ચર્ચામાં જ વખત જતો રહે અને કોઇ પણ બાબતનો નીવેડો આવે જ નહીં.

મંગળદાસ—આપણે ચા પીતાં જ વાતો કરીએ તો કેમ? નલિની, રમણ! (નલિની દાખલ થાય છે)

નલિની—કેમ બાપાજી?

મંગળદાસ—રમણ ક્યાં છે? (રમણ દાખલ થાય છે) આ આવ્યો. તું બધાને તો ઓળખે છે. દીવાન બહાદુર ગુગુળી જોડે ઓળખાણ કરાવું. આ મારી પુત્રી નલિની.

ગુગુળી—તુમી મંગળદાસ શેઠ સાથે ધારવાડ આલે હોતે, નહીં બર?

નલિની—ના, બાપાજીને હું ઘણું કહું છું તો પણ મને સાથે નથી લઇ જતા.

મંગળદાસ—બધાને ચા આપો નલિની, રમણ. (નલિની અને રમણ ચા આપવા માંડે છે)

નલિની—બમનજી કાકા, તમને બરફી બહુ ગમે છે નહીં. લો આ તાજી જ છે. (બીજા બધા પાસે વારા ફરતી ચા અને ખાવાના પદાર્થ મૂકે છે.)

મંગળદાસ— કહો ત્યારે બધાનો શો વિચાર છે?

દામનારાયણ— તમારી સૂચના મને તો યોગ્ય લાગે છે. આપણે આવી પાર્ટીની ઘણી જરૂર છે.

મંગળદાસ— ગુજરાતના મેંબરો જોડાશે?

દંડવતલાલ—સ્વરાજીસ્ટ છોડી દો તો બાકીના બધા તો જોડાશે. નહીં વારૂ, સરદાર સાહેબ.

દામનારાયણ—અરે આપણે કયાં ગવરમેન્ટ પાર્ટી ઉભી કરીએ છીએ? સ્વરાજીસ્ટો પણ જોડાશે. થોડા તો જરૂર જ જોડાશે.

મંગળદાસ—એવી ખબર હોતતો એમને જરૂર તેડત.

દંડવતલાલ—આવતી કાલે એમને બોલાવી વાત કરી જોઇશું.

મંગળદાસ—અને ભોજનાની, સીધનું શું?

ભોજનાની—હું તો આવી પાર્ટી આવશ્યક છે એમ માનું છું, બીજા સીંધના મેંબરો પણ શામીલ થશે.

મંગળદાસ—દીવાન બહાદુર શું કહે છે?

લાંડગેકર— અંગ્રેજીમાં કહેવત છે તેમ "Union is strength." (સંપ ત્યાં જંપ)

મંગળદાસ—અને કરામત શેઠ તમારો શો મત છે?

કરામત—હું તો જોડાઇશ પણ સીંધના મુસલમાનો માનશે એવું લાગતું નથી.

મંગળદાસ—એમને આપણે કહી જોવું. નહીં માને તો આપણી પાર્ટી તો છે જ. અને રા. સા. ગુગુળી, આપનો શો વિચાર છે?

ગુગુળી—મી તો જોડાવાની તરફેણમાં આહે.

મંગળદાસ—પણ તમારી પાર્ટીના બીજા ગ્રહસ્થોનું શું?

ગુગુળી—મારાથી પણ એમને વિચાર્યા વગર તો ન જોડાઇ શકાય પણ આપણે એક દુસર્યાલા મદદ તો જરૂર કરૂન શકતો.

મંગળદાસ—હા. તેના વગર કેં ચાલવાનું છે? ત્યારે આપણે બધા જ આવી પાર્ટીની

જરૂર છે એ બાબતમાં તો મળતા થઈએ છીએ. હવે આપણે આપણી પોલીસી કેવી રાખવી? (એક પછી એક બધા સામું જુએ છે)

દામનારાયણ—આપણે સ્વરાજીસ્ટોની માફક consistent and continuous opposition (એકસરખો અને ચાલુ વિરોધ) તો નથી જ કરવું. એવી છોકરવાદી આપણને ન શોભે.

લાંડગેકર—એ તો parliamentary government (પાર્લમેંટશાહી રાજપદ્ધતિ)ની તદ્દન વિરૂદ્ધ છે.

દંડવતલાલ—આપણે લોકોનું હિત જાળવીને સહકાર કરવો છે.

ભોજનાની—અને તેવું કરશું તો ગવરમેન્ટ બધી બાબતમાં આપણાથી પ્રતિકૂળ તો નહીં જ થાય.

નલિની—સરદાર સાહેબ, બીજી ચા?

દામનારાયણ—હા, ચાલશે. (કપ નલિનીને આપે છે.)

બમનજી—એ તો એમજ ચાલે. કોઈ વાતમાં

આપને નમતું આપીએ અને કોઇ વાતમાં ગવરમેન્ટ નમતું આપે.

નલિની—ગવરમેન્ટ કોઇવાર નમતું આપે છે ખરી કે ?

ગુગુળી—હે બહેન તો સ્વરાજીસ્ટચ્યા માફક બોલે છે.

મંગળદાસ—આપણે reasonable (વિવેકી) થઇએ તો ગવરમેન્ટ reasonable (વિવેકી) થાય છે એવી મારી ખાત્રી છે.

કરામત—આપણે જો ત્રીસેક જણની પાર્ટી બનાવી શકીએ તો આપણે જ ગવરમેન્ટ થઇ શકીશું.

ભોજનાની—હા એ તો ખરી વાત.

નલિની—તમે ગવરમેન્ટ કેમ થઇ શકો ! તમે તો વિરોધપક્ષ ઉભો કરો છો !

લાંડગેકર—એ તો parliamentary government (પાર્લમેંટશાહી રાજપદ્ધતિ) ની ખુબી છે. આજે જે opposition (વિરોધ) માં હોય તે કાલે ગવરમેન્ટ થાય.

નલિની—અને તમે ગવરમેન્ટ થશો તો પછી opposition (વિરોધ પક્ષ) કોણ થશે?

ગુગુળી—પેલા સ્વરાજીસ્ટો છે તે. પણ એમનાથી કશું થવાનું નથી.

નલિની—તમારી આ વાતોમાં મને તો કશું સમજાતું નથી (મંગળદાસને) બાપાજી, તમારે કોઇને હવે કાંઇ જોઇએ છે ?

મંગળદાસ—ના. તારે જવું હોય તો જા.

(નલિની બહાર જાય છે)

દામનારાયણ—આપણે ત્રીસેક થઇએ તો બધા જ મીનીસ્ટરો આપણા થઇ શકે.

ગુગુળી—બ્રાહ્મણેતર તો એક પાડીજે ના ?

દામનારાયણ—હા એ તો તમારી પાર્ટીની સહાયતા વગર કૈં થવાનું છે ?

મંગળદાસ—રાવ સાહેબ ગુગુળી. તમે અને તમારી પાર્ટીના બીજા મેમ્બરો આ પાર્ટીમાં જોડાય તો તો વધારે જ સારૂ. પણ જો ન જોડાય તો આપણી બન્ને પાર્ટીઓ અગત્યની બાબતમાં એક બીજાને મદદ તો કરી જ શકે.

ગુગુળી—અવશ્ય.

મંગળદાસ—ત્યારે હવે આપણે બીજા જે આપણી સાથે જોડાવા રાજી હોય એવા બધા

મેંબરોની એક મીટીંગ બે ચાર દહાડામાં બોલાવીએ અને ગવરનર આપણને જરૂર મિનિસ્ટ્રી ફોર્મ કરવા કહેશે એમ હું લગભગ ખાત્રીથી કહી શકું છું.

બમનજી—તમે ગવરનર સાહેબને મળી આવ્યા લાગોચ. .

મંગળદાસ—આપણે બધા મિત્રો જ છીએ એટલે કહેવામાં વાંધો નથી. મને ગઇ કાલે એમણે બોલાવ્યો હતો.

ભોજનાની—અને એમણે શું કહ્યું?

મંગળદાસ—એમણે ખાત્રી આપી કે parliamentary practice (પાર્લમેંટની પ્રણાલિકા) ને જ અનુસરીને એ ministry form (પ્રધાન મંડળ સ્થાપવા) કરવા માંગે છે. ત્યારે મિનિસ્ટરોના tentative (કામચલાઉ) નામોનો આજે જ વિચાર કરીશું, કે fuller meeting (વધારે મોટી સભા) સમક્ષ વિચાર કરવાનું રાખશું?

કરામત—વિચાર તો આજે જ કરવો ઠીક. પછી એ મીટીંગ પાસે આપણે એ નામ

મૂકીશું. પણ આપણે નામો consider કરીએ (વિચારીએ) તે પહેલાં એ કયા principle (સિદ્ધાંત)થી મૂકવાં તેનો વિચાર કરીએ તો સારૂં.

દામનારાયણ—હા એજ બરોબર છે.

મંગળદાસ—જુવોને એક મુસલમાન, એક બ્રાહ્મણેતર અને એક બીજો હીંદુ.

લાંડગેકર—એક બ્રાહ્મણેતર અને બીજો બ્રાહ્મણ એમ કહો.

દંડવતલાલ— એમ તદ્દન તો નહીં પણ જેને બ્રાહ્મણેતરો પોતાની પંકિતમાં ન સ્વીકારે તે બ્રાહ્મણમાં ગણતરી કરે છે તે તો ખરા.

ભોજનાની—અને આપણે પ્રોવીન્સ વાર પણ વિચાર કરવો જોઇશે ને.

કરામત—એટલે કેવી રીતે ?

ભોજનાની—જુવોને ગઇ મીનીસ્ટ્રીમાં એક દક્ષણી Non-Brahmin અને એક ગુજરાતી ગ્રહસ્થ હતા. હવે બીજા provinces ને પણ chance મળવો જોઇએ. સીંધ અને કર્ણાટકે શો ગુન્હો કર્યો છે?

બમનજી—અને મુંબઇ શહેરને તો તમે બધા જ ભૂલી જાઓ છો.

મંગળદાસ—આપણે Provincial spirit ને ઉત્તેજન આપીશું તો આપણી પાર્ટીના મૂળ તત્વોને વિસારી દેવાનો ભય છે એમ નથી લાગતું? આપણે ગુજરાતી, દક્ષણી કે સીંધીનો વિચાર કર્યા વગર પાર્ટીને જે યોગ્ય લાગે તેવા માણસની જ નીમણુંક કરવી જોઇએ.

કરામત—હા એ બરાબર છે.

ગુગુળી—હા મી પણ એમજ માનતો.

મંગળદાસ—ત્યારે જુઓની ઉમેદવાર તરીકે તો આપણા રા. સા. ગુગુળીને જ આપણે ટેકો આપીએ. એમને એમની પાર્ટીનો ટેકો તો છે જ અને મુસલમાનોમાં શેઠ કરામત-ખાનનું નામ હું સૂચવું છું. સીંધના મુસલમાનો એમને ઘણું કરીને ટેકો આપશે જ પણ નહીં તો આપણી પાર્ટી જેમાં બાકીના ઘણા ખરા મુસલમાનો જોડાશે એવી મારી ખાત્રી છે. (કરામત તરફ જુએ છે.)

કરામત—હા તેની તો હું ખાત્રી આપી શકું.

મંગળદાસ—અને બ્રાહ્મણેતરોના ટેકાથી આપણે એમને મૂકી શકીશું. કેમ રા. બ. તમારી પાર્ટીને આ નામ પસંદ પડશે ને ?

ગુગુળી—જરૂર.

મંગળદાસ—ત્યારે ત્રીજા નામ માટે મારૂં એવું માનવું છે કે જેને આપણે પાર્ટીનો લીડર બનાવીએ તેનું મૂકવું. જે લીડર થશે તે પાર્ટીના અને non-Brahmin partyના વિશ્વાસ વગર તો નહીં જ થઇ શકે.

દામનારાયણ—એ બરોબર છે પણ ત્યારે લીડરના નામનો આપણે વિચાર તો કરવો જ પડશે. આપણી પાર્ટીમાં મારા ધારવા પ્રમાણે agricultural interest વધારે પ્રમાણમાં છે. તો કોઇ landholder ને મૂકવો નથી ઉચિત લાગતો ?

બમનજી—ભાઇ હમના Finance ના (નાણાંના) બધા વાંધા છે. કોઇ business-man (વેપારી)ને જ મૂકો.

મંગળદાસ—તમે શું ધારો છો ? (કરામત તરફ જુએ છે.)

કરામત—હું બમનજીને મળતો થાઉં છું.

ગુગુળી—અને મારી પાટ.લા પસંદ આવે એસા માણુસ તમને પાહીજે અને તે તમને બધાને પસંદ આવશે જ એસા મી માનું છું. તે તો આપલે આજના યજમાન જ આહેત, (અધીં મીનીટ શાંતિ ફેલાઇ રહે છે) કેમ શું ધારો છો? અને ગવરનર સાહેબાલા પણ એમના પર વિશ્વાસ આહે.

કરામત—મુસલમાન મેંબરો એમની leadership (નેતૃત્વ) હેઠળ આપણી પાર્ટીમાં ખુશીથી જોડાશે.

બમનજી—મંગલદાસ શેઠ, આય તમુને જ કરવું પડશે જો. અને પાર્ટીને તમે ઠેકાને રાખશો એમ હું માનુંચ.

મંગળદાસ—કામ કઠણ તો છે જ પણ તમારી બધાની મરજી હોય અને તમારો ટેકો હોય તો હું મારૂં બનતું કરીશ.

બમનજી—તારે આપરે બીજા મેંબરોની મીટીંગ કારે બોલાવસું?

દંડવતલાલ—(બેદરકારીથી) ગમે ત્યારે.

મંગળદાસ—અને આપણે વિચાર કરીએ છીએ ત્યારે કૌંસીલના પ્રેસીડેન્ટનું નામ પણ વિચારી લઇએ. અને હા, આપણી પાર્ટીના ડેપ્યુટી લીડર, સેક્રેટરીઓ અને whip પણ નક્કી કરીએ તો કેમ ?

દંડવતલાલ—(જરા ઉમંગથી) હા સાથે સાથે એ પણ નક્કી કરી દઇએ.

મંગળદાસ—President ને માટે હું દીવાન બહાદુરનું નામ સૂચવુ છું. એમના જેટલું Parliamentary જ્ઞાન બહુ જ થોડાને હશે.

બમનજી—Hear ! Hear ! અને આપણા ડેપ્યુટી લીડર સરદાર સાહેબને બનાવીએ.

લાંડગેકર—યોગ્ય જ છે. અને સેક્રેટરીઓ તો ઘણા જ energetic (ચંચળ) માણુસ હોવા જોઇએ. હું રાવ સાહેબ દંડવતલાલ અને મુખી ભોજનાનીનું નામ સૂચવું છું. અને બમનજી તમે બધાને સમજાવવામાં કુશળ છો એટલે તમારે whip થવું પડશે.

બમનજી—અરે બા મારા પર આય આફત કાંય નાખો છ ?

મંગળદાસ—અરે એમાં આફત શાની?

બમનજી—અરે તમે તો હોકમ કરસો જો કુત્તા બીલ્લીકો માર પણ બીલ્લીને મારતાં મારા કુતરા જેવા હાલ થશે.

(બધા હસવા માંડે છે.)

મંગળદાસ—ત્યારે હું બીજા મેમ્બરોને શુક્રવારે બોલાવું તો કેમ? (બધા તરફ જુએ છે) ત્યારે શુક્રવારે સાંજના ચારે અનુકુળ પડશે ને?

બમનજી—જરા વહેલા રાખો.

મંગળદાસ—સારૂં ત્રણ વાગ્યે ત્યારે.

કરામત—ત્યારે રજા લઇએ? (ઉઠે છે. બધા જ ઉઠે છે.)

ગુગુળી—આપણા બહેન કુઠે ગેસે? એમને ચાને માટે Thanks (આભાર) આપજો.

લાંડગેકર—જય જય ત્યારે.

દામનારાયણ—આપણે તો કાલે મળીશું.

મંગળદાસ—અને ભોજનાની અને દંડવતલાલ તમે પણ સાતેક વાગે આવી ચડો તો

આપણે બધી Details (વિગતો) નક્કી કરી દઈએ. અહીં જ જમજો.

ભોજનાની—હા જરૂર.

દંડવતલાલ—હા હું આવીશ.

(બધા જાય છે. નલિની દાખલ થાય છે)

નલિની—Well done (બહુ સરસ કર્યું.)

મંગળદાસ—શાનું Well done ?

નલિની—બધા જ મિનીસ્ટર થવા માગતા હતા પણ તમે પેલા Non-Brahmin અને કરામતને સાથે રાખી ઠીક ગોઠવણ કરી.

મંગળદાસ—એ તે કૈં મેં ગોઠવણ કરી ?

નલિની—બાપાજી, મને એમ બનાવી નહી શકો.

મંગળદાસ—વારૂ ત્યારે એમ માન.

નલિની—બાપાજી, ડાહ્યો આવ્યો છે

મંગળદાસ—ડાહ્યો ? કોણ ?

નલિની—આપણો ડાહ્યો. આજે એક મહીનો પુરો થયો.

મંગળદાસ—નલિની, તેં એ બદમાશને શા માટે બચાવી લીધો ? તેં જો જઈને એની

કેરેકટર વિષે સાક્ષી ન આપી હોત તો જરૂર ૭ મહીના જાત.

નલિ·ી—તેનાથી શો ફાયદો થાત ?

મંગળદાસ—આમ ઓછી સજા મળ્યાથી બીજાને ચોરી કરવાનું મન થાય. પણ એ હરામખોર શા માટે આવ્યો છે ?

નલિની—મેં બોલાવ્યો માટે.

મંગળદાસ—શા માટે બોલાવ્યો ?

નલિની—તમે એને પાછો રાખશો ને ?

મંગળદાસ—એવા ચોરને હું નથી રાખવાનો.

નલિની—બાપાજી, બીચારાએ એવો શો ગુન્હો કર્યો કે જેનાથી એનો ફરીથી વિશ્વાસ ન થઇ શકે ?

મંગળદાસ—ચોરનો ફરીથી વિશ્વાસ કોણ કરી શકે ?

નલિની—બાપાજી હું કહેવા નહોતી માગતી પણ, તમે ઘડીએ ઘડીએ એને ચોર કહો છો એટલે મારે કહેવું પડે છે.

મંગળદાસ—શું કહેવું પડે છે ?

નલિની—તમે મીલની રૂની ગાંસડીઓ પર પરવાનગી વગર દોઢ લાખ રૂપીઆ ઉપાડયા તેમાં અને ડાહ્યાની ચોરીમાં હું બહુ તફાવત જોતી નથી. તમને urgent (ખાસ) જરૂર લાગી, ડાહ્યાને બીચારાને તેવી જ જરૂર લાગી. તે દહાડે તમે રામદાસભાઇ સાથે વાત કરતા હતા ત્યારે મેં બાજુના ઓરડામાંથી અચાનક સાંભળ્યું. તવંગર માણસની લાખ્ખોની ચોરી એ શાહુકારી જ ગણાય છે. બીચારો કોઇ ગરીબ માણસ મુઠ્ઠીભર અનાજની ચોરી કરે તો તેને જેલમાં ધકેલી દેવાય.

મંગળદાસ—નલિની ! તું તો ગાંડી છે.

નલિની—હા હું ગાંડી જ સારી છું. અને હું આ ઘરને વધારે વખત હવે લ્યુનેટીક અસાઇલમ (ગાંડાનું નિવાસસ્થાન) નથી બનાવવા માગતી. બાપાજી, હું જ ડાહ્યાને રાખીશ.

મગળદાસ—હું નહીં રાખવા દઉં.

નલિની—તમારા ઘરમાં રાખવા કોણ માગે છે?

મંગળદાસ—એટલે ?

નલિની—રમણ સાથે હું આવતી કાલે પરણવાની છું એટલે મને પણ આ ઘરમાં નહી રાખતા, અને રાખો તો પણ મારે રહેવું નથી. રમણની સ્ત્રી રમણને જ ઘેર શોભે.

મંગળદાસ—હરામખોર એવો જ—

નલિની—બાપાજી ગાળો ભાંડીને મોઢું શા માટે બગાડો છો ? મારો નિશ્ચય કંઈ એનાથી ફરવાનો નથી.

મંગળદાસ—પણ હું આ નહીં થવા દઉં,

નલિની— જોઇશું. ચાલ રમણ, ડાહ્યાને પણ સાથે લેતો ચાલ. (જાય છે)

(પડદો પડે છે).

લેખકનું બીજું નાટક

હાથીના દાંત

"અર્વાચીન શૈલીનાં નાટક તરીકે 'હાથીના દાંત' ઘણું આકર્ષક છે. ખાસ કરીને, આધુનિક યુવતી વર્ગના પ્રતિનિધિરૂપ લલિતાનું પાત્ર એવી સચોટતાથી આલેખાયું છે, કે સમકાલીન સાહીત્યનાં પ્રથમ પંક્તિનાં પાત્રોમાં તેને સહેજે સ્થાન આપી શકાય." કૌમુદી

મૂલ્ય રૂ. ૧-૦ ૦

છપાય છે

ભીષ્મ પ્રતિજ્ઞા